# JAIN KRANTI
# જૈન ક્રાંતિ

Vol. 4 | Issue 8 | Mumbai | May - 2013 | Rs. 25/- | Pages : 40



## તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ
## ॥ શ્રી રતિલાલજી મહારાજ સાહેબનો જય હો ॥





સમસ્ત બોરીવલી-કાંદિવલી સ્થાનકવાસી જૈન સંઘો-મુંબઈના ઉપક્રમે

## રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. પ્રેરિત

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.

# જન્મ શતાબ્દી મહોત્સવ

**19th May - 27th May 2013**

## મુંબઇ પ્રવેશ - સ્વાગત સમારોહ

### રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.
### શ્રી પિયુષમુનિ મ.સા. એવમ્ સાદ્વી વૃંદ

તા. 19-05-2013 રવિવાર, બોરીવલી ઉપાશ્રય

મુંબઇ-મહારાષ્ટ્ર- ઝારખંડ-બંગાલ, દિલ્હી, હિમાલય સુધી વિચરણ કરી પુનઃ મુંબઇ પધારતાં પૂજ્યવરા મુક્ત-લીલમ ગુરુણીના સુશિષ્યા આગમ પ્રેમી પૂ. શ્રી વિરમતીબાઇ મ., પૂ. શ્રી બીંદુબાઇ મ., પૂ. શ્રી આરતીબાઇ મ.પૂ. શ્રી સુબોધિકાબાઇ મ. આ અવસરે મુંબઇના બોરીવલી શ્રી સંઘનાં આંગણે ૧૯/૦૫/૧૩ પ્રવેશ કરશે.

Apd,,ÓL$

**બૃહદ બૌરીવલી-કાંદિવલી સમસ્ત સ્થાનકવાસી જૈન સંઘ**

વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ-બૌરીવલી (મૌટો સંઘ)
વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ- યૌગીનગર
વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ-મુળજીનગર
વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ-કાંદિવલી(મૌટો સંઘ)
વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ -મહાવીર નગર
વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ - દહાણુકરવાડી

સર્વધર્મ સમભાવ સંકુલ પાવનધામ

# આશીર્વાદ

ગોંડલ ગચ્છ શિરોમણી પૂજ્ય શ્રી જયંતમુનિજી મ.સા.
ગોંડલ ગચ્છ દિવાકર પૂજ્ય શ્રી ગિરીશચંદ્રજી મ.સા.
નિડર વક્તા પૂજ્ય શ્રી જગદીશમુનિ મ.સા.
ધ્યાન સાધક પૂજ્ય શ્રી હસમુખમુનિ મ.સા.
શાસ્ત્ર દિવાકર પૂજ્ય શ્રી મનોહરમુનિ મ.સા.



# અવસરના અનેરા અનુષ્ઠાનો

**મંડપારોપણ • માળા મૂહુર્ત**
તા. 23 / 5 / 13 ગુરુવાર, સમય : સવારે 7 .15 • 9.15 કલાકે

**તપસ્વી એવમ્ સંયમીની સમૂહ સાંજી**
તા. 23-05-2013 ગુરુવાર, સમય બપોરે 3:00 થી 4:00

**વર્ષીતપ એવમ્ દીક્ષાર્થી શોભા યાત્રા**
તા. 24-05-2013 શુક્રવાર, સમય સવારે 7:30 કલાકે

**વર્ષીતપ પારણા મહોત્સવ**
તા. 25-05-2013 શનિવાર, સવારે 9:00 કલાકે
તપસમ્રાટ સ્મૃતિ પટાંગણ
સમાહ ગ્રાઉન્ડ, કમલા વિહાર કલબની સામે, મહાવીર નગર, કાંદિવલી (વે)

**તપસ્વીઓ એવમ્ દીક્ષાર્થીના માતા- પિતાનું સન્માન**
તા. 26-05-2013 રવિવાર, સવારે 9:00 કલાકે
તપસમ્રાટ સ્મૃતિ પટાંગણ

**તપસમ્રાટ જન્મશતાબ્દી સમારોહ**
તા. 26-05-2013 રવિવાર, સવારે 9:00 કલાકે
તપસમ્રાટ સ્મૃતિ પટાંગણ

**મહાભિનિષ્ક્રમણ શોભા યાત્રા**
તા. 27 / 5 / 13 સોમવાર, સમય : સવારે 7 .15 કલાકે

**દીક્ષા ઉત્સવ**
તા. 27 / 5 / 13 સોમવાર, સમય : 11.56 મિનિટે
તપસમ્રાટ સ્મૃતિ પ્રવજ્યા પટાંગણ
સત્યાનગર ગ્રાઉન્ડ, પાવનધામની બાજુમાં, મહાવીર નગર, કાંદિવલી (વે)





# JAIN KRANTI જૈન ક્રાંતિ




**વર્ષ:** 13 **સળંગ અંક:** 152 ◆ **કુલ પાના:** 36+4 ◆ **છૂટક કિંમત:** ₹ 25 ◆ **તા.** 06-05-2013 સોમવાર.

**આજીવન લવાજમ:** ₹ 2500 ◆ **બે વર્ષ:** ₹ 500 ◆ **પરદેશનાં વાર્ષિક:** ₹ 2500 ◆ **આજીવન:** ₹ 20000

**પૂર્વ તંત્રી:** શ્રી અશોકભાઈ પટેલ - શ્રી રસિકભાઈ પારેખ ◆ **માનદ્તંત્રી:** શ્રી જયભાઈ દેસાઈ - શ્રી દિપકભાઈ ભાયાણી

**સંપાદક:** શ્રી પ્રતિમાબેન બદાણી - શ્રી સંગીતાબેન શાહ


## આ અંકમાં


હે ગુરુત્વ.!
- ગુરુતત્ત્વનો અહેસાસ. 5

અનન્ય અવધૂત એક વિરાટ વ્યક્તિત્વ..
- તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ. 6

અનુભૂતિ...
- તપસમ્રાટની પ્રેરણા અને પ્રભાવ. 16

A PARAM AATMA S PRESENCE
- UNDETERRED FAITH 18

રાજકોટમાં ભવ્ય પ્રવેશ
- ગુરુભિક્તનું દર્શન. 24

કેદીઓની આંખમાં આંસુ.!!
- પ્રેરણાત્મક પોઝીટીવ બોધ. 28

અનોખી ઉજવણી 30
- જીવદયા મહોત્સવ્.

જ્ઞાનોત્સવ
- જ્ઞાન આરાધના... જ્ઞાન સન્માન. 34


## અમદાવાદમાં પવિત્રધામનું સર્જન.!!

રાષ્ટ્ર સંતની પ્રેરણા.

**: પ્રકાશન સહયોગી સૌજન્ય દાતા :**

શ્રી ગુણવંતરાય ઝોંસા (સાયન), શ્રી ન્યાલચંદ મોહનલાલ લાઠિયા (મૂર્તિજાપુરવાળા), મહાવીર ટેકસટાઈલ (કોલકતા), વી. સી. કે. ફોરેક્સ (કોલકત્તા), મેટલ પરફોરેશન (પ્રા.) લિમીટેડ (વડોદરા), યુનાઈટેડ મેડીસેલ્સ (પ્રા.) લિમીટેડ (વડોદરા), સ્વપનીલ શાહ (ઘાટકોપર), ગુરુભકત પ્રણયભાઇ મહેતા (ઘાટકોપર), પ્રદીપભાઇ પી. દોશી (પાર્લા), કલ્પના ગીરીશ દેસાઇ (પાર્લા), લક્ષ્મીકાંતભાઇ જે. શાહ (કાંદિવલી), ઈગલ મેન્યુફેકચરીંગ (મુંબઈ), હીના સેલ્સ કોર્પોરેશન (વડોદરા), પ્રીતિ કાર્ડસ્ (વડોદરા), ન્યુ વિઝન લેઝર સેન્ટર (વડોદરા), શ્રી જયંતિભાઈ સંઘવી (સુરત), હેત-ત્વીશા સંજય સંઘવી (ઘાટકોપર).

CHQ / DD should be in the favour of SHREE UVASSAGAHAR SEVA MANDAL

**પૂ. ગુરુદેવના વિહાર સમાચાર જાણવા સંપર્ક: 098609 05678**


**પારસધામ:** વલ્લભબાગ લેન, તિલક રોડ, ઘાટકોપર (ઈ), મુંબઈ-૭૭. ફોન : ૦૨૨-૩૨૦૪૩૨૩૨

Website : www.parasdham.org • E-mail : pranpushpa@yahoo.com • parasdham108@gmail.com • gparasdham@yahoo.com



Printed, Published, Edited and Owned by DEEPAK K. BHAYANI,
Printed at ACCURATE GRAPHICS PVT.LTD. 15/A, Samrat Mill Compound, L.B.S Marg, Vikroli (West), Mumbai - 400 079.
and Published at 202, Satellite Building, Opp. Mistry Complex, J. B. Nagar, Andheri (East), Mumbai-400 059.
Editor : DEEPAK K. BHAYANI.



# હે ગુરુત્વ...

ગુરુદેવ! જ્યાં સુધી હું અજ્ઞાની અને અણસમજુ હતો
ત્યાં સુધી મેં આપની અકૃતિના દર્શન કર્યા...
આપની આકૃતિ પ્રત્યે રાગ કર્યો...
પણ... ગુરુદેવ!
આપના સાંનિધ્યમાં આપની કૃપાથી...
જ્ઞાન અને સમજ પ્રાપ્ત થયાં...
આપના વ્યક્તિત્ત્વની ઓળખ થઈ...
આપના વ્યક્તિત્ત્વને અનુભવ્યું... જાણ્યું... માણ્યું...
અને ગુરુદેવ ! મારી વિચારધારા જ બદલાઈ ગઈ...
મારી દૃષ્ટિ જ બદલાઈ ગઈ...
**ગુરુદેવ! આપ 'સારા' નહીં 'મારા' લાગવા લાગ્યાં.**
આપના સાંનિધ્યમાં શાંતિ અને સમાધિ અનુભવવા લાગ્યાં...
આપના દર્શનથી દૃષ્ટિ નિર્મળ થવા લાગી...
આપના વાઈબ્રેશન્સથી હૃદય સ્પંદિત થવા લાગ્યું.
ગુરુદેવ! આપની આકૃતિનો નહીં... પણ આપના ગુણોનો પ્રેમી બની ગયો.
આપના પ્રત્યે ગુરુત્વાકર્ષણ જેવું ખેંચાણ અનુભવવા લાગ્યો.
આપની પ્રેરણા પામી હું મારી તરફ જવા લાગ્યો.
'સ્વ'ને ઓળખી સ્વાનુભૂતિ કરવા લાગ્યો.
ગુરુદેવ! શું ગુરુતત્ત્વનો અહેસાસ આવો અલૌકિક અને આહ્લાદક હોય!
ગુરુદેવ! હું આપની આકૃતિના નહીં. આપના આત્માના દર્શન કરતો હતો...
માટે જ, હે ગુરુદેવ!
આપની પરોક્ષ કૃપામાં પણ આપના જ દર્શન કરૂં છું...
આપની પ્રત્યક્ષતાને અનુભવું છું.
ભલે... આપ આંખો સમક્ષ હો કે ના હો.
મારા હૃદયમાં તો સાક્ષાત જ છો.!!
એ સાક્ષાત્કારનો અહેસાસ જ તો ગુરુત્ત્વ છે ને!!!



# અનન્ય અવધૂત

**તપસમ્રાટ પૂ.ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.નું જીવન કવન**
**- યુગ દિવાકર પૂ. નમ્રમુનિ મ.સા.**

બીજને જો વૃક્ષ બનવું હોય તો તેણે પોતાની જાતને પોતાના સર્વસ્વને ધરતીની ગોદમાં અર્પણ કરવું પડે, ધરતીને સમર્પિત થવું પડે અને જે દિવસે બીજ જમીનની અંદર જાય એટલે પૂરી દુનિયાથી દૂર થઈ જાય. ડીસ્કનેકટ થઈ જાય. પૂરી દુનિયા સાથેનો સંબંધ તૂટી જાય અને એક માત્ર ધરતી સાથે, ધરતીની માટી સાથે તેનો સંબંધ જોડાઈ જાય. પછી એ માટી જેવી પણ હોય તેણે સહન કરવું જ પડે.

એ માટી ગરમ હોય તો પણ સહન કરો, ઠંડી હોય તો પણ સહન કરો, ભીની હોય તો પણ સહન કરો, સૂકી હોય તો પણ સહન કરો.

**જે સહન કરે છે તે જ શ્રેષ્ઠતાને પામે છે.**

બીજે થોડું સહન કર્યું અને એક દિવસ એમાંથી અંકુરા ફૂટયાં. ધીરે ધીરે છોડમાંથી વિકાસ થતાં થતાં વૃક્ષ બની ગયું. વૃક્ષ બન્યાં પછી પણ એની વિકાસ યાત્રા અટકી નહીં. વૃક્ષને ડાળીઓ આવી, ફૂલ આવ્યાં અને ફળ આવ્યાં. એ ફળમાં બીજ આવ્યાં. એ બીજમાં બીજું વૃક્ષ બનાવાની ક્ષમતા આવી.

બીજની યાત્રા, બીજની વિકાસ યાત્રા વામનમાથી વિરાટ બનવાની યાત્રા. !

એવી જ યાત્રા, આત્મ વિકાસની યાત્રા વામનમાંથી વિરાટ વ્યક્તિત્વ બનવાની યાત્રા અને બાળ રતિલાલમાંથી તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. બનવાની વિકાસ યાત્રા. ! !

શિષ્ય જ્યારે સક્ષમ ગુરુના શરણમાં પોતાનું સર્વસ્વ સમર્પિત કરી દે છે ત્યારે ગુરુ એના સ્નેહના જળથી સિંચન કરે છે અને શિષ્યને સવાયા ગુરુ બનવાને લાયક બનાવી દે છે.

## જો તમે નહીં હો તો... ? ? ?

સૌરાષ્ટ્ર કેસરી ગુરુપ્રાણનું બગસરામાં ચાતુર્માસ ચાલી રહ્યું હતું. ચાતુર્માસ પૂર્ણ થવાને થોડાં જ દિવસો બાકી હતાં ત્યાં ગુરુ પ્રાણની તબિયત નાદુરસ્ત થવા લાગી. એક દિવસ સારૂં રહે તો બે દિવસ અસ્વસ્થ થઈ જાય. એમ કરતાં વિહાર વળામણાનો દિવસ નજીક આવવા લાગ્યો પણ ગુરુ પ્રાણની તબિયત સુધરવાના બદલે વધારે બગડવા લાગી. શ્રાવકો અને ભક્તો વિનંતિ કરવા લાગ્યા, ગુરુદેવ ! જ્યાં સુધી આપનું સ્વાસ્થ્ય સારૂં ન થાય, ત્યાં સુધી આપ અહીં જ સ્થિરતા કરો, અમને સેવાનો



લાભ મળશે, સંઘે પણ આગ્રહભરી વિનંતિ કરી, ગુરુદેવ! આપની વૈયાવચ્ચનો લાભ અમને આપો આપ અહીં બિરાજમાન રહો.

સેવા અને વૈયાવચ્ચ બંનેમાં ફરક શું હોય ?

સામાન્ય વ્યક્તિની સુખાકારી માટે જે કાંઈ કરીએ તેને સેવા કહેવાય. જેમાં માત્ર કાયિક ઉપાર્જન થાય તેને સેવા કહેવાય.

સંત-સતીજીઓ કે ગુરુ ભગવંતોની સુખશાતા માટે જે કરીએ તેને વૈયાવચ્ચ કહેવાય. વૈયાવચ્ચ કરવાથી ગુણની પ્રાપ્તિ થાય.

વિહાર કરી શકે એવી કોઈ શારીરિક સ્વસ્થતા ન હોવાથી ગુરુ પ્રાણે સંઘની વિનંતિનો સ્વીકાર કર્યો. વિનંતિ સ્વીકાર્યાના હજુ તો બે-ચાર દિવસ થયા હશે ત્યાં તો એક દિવસ ગુરુ પ્રાણની તબિયત વધારે અસ્વસ્થ થઈ. ડૉકટર આવ્યા, વૈદ્ય આવ્યા, બધાંએ પોતાપોતાની રીતે ગુરુને શાતા પમાડવાના પ્રયત્ન કર્યા અને સફળ પણ થયાં.

ગુરુ પ્રાણને સ્વસ્થ થતાં જોઈ સંઘ, શ્રાવકો અને ભક્તો પણ ખુશ થઈ ગયાં.

જે દીવો બુઝાવાનો હોય તે વધુ પ્રજ્જવલે કેમકે, તેમાંથી ઘી ખૂટી ગયું હોય અને વધેલી વાટ હોય. ઘી વિનાની વાટ હોય એટલે વધારે પ્રજવલ્લિત થાય.

જે વધુ પ્રજવલે તેની વિદાયની ઘડી હોય.

ગુરુપ્રાણ એકદમ સ્વસ્થ થઈ ગયાં એટલે ચતુર્વિધ સંઘમાં આનંદની લહેર છવાઈ ગઈ. પણ એ જ રાત્રે તબિયત પહેલાં કરતાં પણ વધારે અસ્વસ્થ થઈ ગઈ અને સવાર થતાં થતાં તો ગુરુપ્રાણની અંતિમ વિદાય થઈ ગઈ.

જેવું મુનિ રતિલાલજી મ. સા.ની આંખો સમક્ષ આ દ્રશ્ય આવ્યું, મુનિ રતિલાલજી મ.સા. બેચેન થઈ ગયાં, અવાચક થઈ ગયાં... અરે! આ શું બની ગયું ? ? મારા ગુરુપ્રાણ પ્રાણ વિહીન થઈ ગયા. ! !

જેમના ચરણમાં જીવન ન્યોછાવર કર્યું હતું, જેમના વિનાના જીવનની કલ્પના જ નહતી, જેમનાથી એક પળ માટે પણ દૂર થવું અસહ્ય હતું, જેમના પ્રત્યેની શ્રધ્ધા અને ભક્તિના આધારે આટલાં વર્ષો વીતાવ્યાં... આ ગુરુ-શિષ્યનો સંબંધ, આ ડીવાઈન ક્નેકશન, આ નિઃસ્વાર્થ વાત્સલ્ય એક પળમાં તૂટી ગયું ? ? ? હવે મને મારા ગુરુદેવનો અવાજ સાંભળવા નહીં મળે! મને 'તપસી' કહીને નહીં બોલાવે... વિચાર... વિચાર... વિચાર અને એનું હૃદય રડી પડયું.

સંત હોય કે ગુરુ હોય, દિલ તો હોય જ ને ? ? અને દિલ હોય એટલે ફીલ તો થાય જ ને. ! !

મુનિ રતિલાલજી મ.સા.ને પણ ગુરુના વિરહની વેદના થાય છે દુઃખ થાય છે. મારા ગુરુ વિના હું કેવી રીતે રહી શકીશ ? હું કેવી રીતે જીવી શકીશ ?

જે દિવસે ગુરુપ્રાણની વિદાય થઈ તે દિવસે શનિવાર હતો. તે દિવસે ઉપવાસ થઈ ગયો. બીજે દિવસે પાલખી યાત્રા હતી. રવિવારનો દિવસ હતો, હજારો લોકો ભેગા થયા હતાં. ગુરુ પ્રાણના પાર્થિવ દેહને વિદાય આપવાની ક્ષણો હતી. મુનિ રતિલાલજી મ.સા. એકદમ શાંત અને સૂનમૂન થઈ ગયાં છે. એમની સામે ગુરુપ્રાણ સાથે વીતાવેલી એક એક ક્ષણ જીવંત થઈ રહી છે. આંખોમાં ગુરુપ્રાણની આકૃતિ તરવરી રહી છે. હૃદયમાં ગુરુપ્રાણનું વાત્સલ્ય ઉભરાઈ રહ્યું છે અને રહી રહીને મન એક જ પોકાર કરે છે, **જો તમે નહીં તો. ! !**

એક હોય છે રાગ અને એક હોય છે પ્રેમ. ! !

જેમાં મેળવવાની આશા અલ્પ પણ નહીં અને અર્પણ કરવાની ભાવના પૂર્ણ... એને કહેવાય પ્રેમ. !

મુનિ રતિલાલજી મ.સા.ને પણ ગુરુપ્રાણ પ્રત્યે નિઃસ્વાર્થ અને અકારણ પ્રેમ હતો. ગુરુ માટે બધું જ ન્યોછાવર કરવાની ભાવના હતી. અંતરની ભક્તિ હતી. ગુરુ પ્રત્યે અત્યંત શ્રધ્ધા હતી. આત્મિય સ્નેહ હતો.

એટલે જ જેવી રવિવારે પાલખીની વિદાય થઈ મુનિ રતિલાલે તે રાત્રે જ સંકલ્પ કરી લીધો. બસ... હવે મારે પારણુ કરવું નથી. બસ, જ્યાં મારા ગુરુ ત્યાં હું. ! ! જો મારા ગુરુ અહીંયા ન હોય તો હું અહીંયા રહી જ કેવી રીતે શકું ? એમને ક્યાંય ચેન નથી... નથી આંખોમાં ઊંઘ... એ મનથી... ભાવથી ગુરુ પ્રાણ સાથે જાણે વાતો કરે છે... ગુરુદેવ! તમે ત્યાં તો હું અહીંયા કેમ ? શું આપણે બંને એક નથી ? શું આપણે અલગ છીએ ? તમે તો કહેતા હતાં કાયમ માટે તું અને હું એક છીએ, તમે તો કહેતાં હતાં તારો ને મારો સાથ સદાયનો છે, આપણે અનંતકાળથી સાથે જ છીએ અને સાથે જ રહેવાના છીએ. તો પછી આજે મને કેમ અહીં એકલો મૂકી દીધો ? ?

મુનિ રતિલાલજી મ.સા.ની બહારની આંખો નહીં અંદરનું દિલ રડી રહ્યું હતું. ગુરુના વિરહને સહી નહતું શકતું એટલે અંદરથી આક્રંદ કરી રહ્યું હતું.

બસ! ગુરુદેવ! હું પણ તમારી પાસે આવું છું, મારે પણ તમારી સાથે જ રહેવું છે. જ્યાં તમે ત્યાં હું. જ્યાં હું ત્યાં તમે. ! ! આજથી અન્નજળનો ત્યાગ. ! !

ગુરુને પ્રેમ કરવાવાળા હજારો હોય. ગુરુ પ્રત્યે શ્રધ્ધા રાખવાવાળા હજારો હોય, ગુરુ માટે રડવાવાળા અનેક હોય પણ ગુરુ માટે મરવા તૈયાર થાય એવા વિરલ અને સાચા પ્રેમી તો કોઈક જ હોય!

રાત જેમ તેમ પસાર થઈ ગઈ. નૌકારશીનો સમય થયો. સંતો પારણા કરવા બોલાવે છે, મુનિ રતિલાલજી મ.સા. જવાબ આપે છે, મારા ભાવ નથી.

બધાંએ વિચાર્યું... ગુરુદેવની વિદાય વસમી લાગી છે, હજુ આઘાતમાંથી બહાર નથી આવ્યાં એટલે સૂનસૂન થઈ ગયાં છે. ગુરુ પ્રાણ... પ્રાણથી પણ પ્યારા ગુરુ પ્રાણની વિદાય થયાને ત્રીજો દિવસ પસાર થઈ ગયો પણ મુનિ રતિલાલજી મ.સા.એ ન આહાર વાપર્યો છે ન પાણી. ! !

રાત થઈ. આંખોમાં ઊંઘના સ્થાને

ગુરુ પ્રાણની આકૃતિ અને સ્મૃતિ છે. મન અને હૃદય રડી રહ્યાં છે. જીવનમાં શૂન્યાવકાશ થઈ ગયો છે.

હા! ગુરુ પ્રાણ હતાં ત્યારે પણ ઊંઘ તૂટક-તૂટક જ આવતી હતી. કેમકે, ગુરુ પ્રત્યેના પ્રેમના કારણે સતત એક જ ભાવ રહેતો હતો, અત્યારે એ શું કરતાં હશે? કયા ભાવમાં હશે? એમને કોઈ તકલીફ તો નહીં હોય ને? એમને કાંઈ ખપ તો નહીં હોય ને??? અને હવે.?? આંખ બંધ કરે છે તો પણ ગુરુની આકૃતિ દેખાય છે અને આંખ ખોલે છે તો પણ સામે ગુરુનો હસતો ચહેરો દેખાય છે અને આ જ હતી એમના ડીવાઈન પ્રેમની પ્રતીતિ.!!

જેમનું આત્માથી આત્માનું કનેકશન હોય તેને આત્મિયજન માટે ક્યાંય ચેન ન હોય.!

એમની હાજરીમાં એમના સુખ અને સાનુકૂળતાની ખેવના બેચેન બનાવે અને એમની વિદાય પછી વેદના બેચેન બનાવે.

મુનિ રતિલાલજી મ.સા.ના દિલમાં ગુરુ વિયોગની વેદના છે, વિરહની વ્યાકુળતા છે, નથી એ રહી શક્તાં... નથી એ સહી શક્તાં.! જેમને હું મારા માનતો હતો. જે મારા માટે સર્વસ્વ હતાં, એ જ મને છોડીને ચાલ્યાં ગયાં.??

અર્ધી રાત વીતી ગઈ પણ મુનિ રતિલાલજી મ.સા.ને ક્યાંય ચેન નથી. એનો અંતર આત્મા વિલાપ કરે છે.

હે ગુરુદેવ! તમે તો મારા પ્રાણ... અને તમે જ નહીં તો, પ્રાણ વિનાનું આ ખોળિયું શું કરશે? તમારા વિના મને પ્રેરણા કોણ કરશે? તમારા વિના મને સાચી રાહ કોણ બતાવશે? તમારા વિના મને સત્યની સમજ કોણ આપશે? તમારા વિના મારા આત્માની દશા કેવી થઈ જશે? તમારા વિના... તમારા વિના.!!

**મુનિ રતિલાલજી મ.સા. ગુરુ વિનાની કલ્પનામાં ખોવાઈ ગયાં છે, ત્યાં જ અચાનક આખા રૂમમાં પ્રકાશ થઈ ગયો. મુનિ રતિલાલજી મ.સા. કલ્પનાની દુનિયામાંથી બહાર નીકળી જ્યાં આંખો ખોલે છે ત્યાં સામે ગુરુપ્રાણ ઊભા છે. મુનિ રતિલાલજી મ.સા. એકદમ ઊભા થઈ ગયા... અરે! આ શું? શું મારા ગુરુ મારી સામે ઊભા છે?? આ સત્ય છે કે સ્વપ્ન??**



મુનિ રતિલાલજી મ.સા. બે વાર પોતાની જાતને ચેક કરે છે, પોતે સ્વપ્ન તો નથી જોઈ રહ્યાં ને!!

ના...ના...! આ તો સાક્ષાત ગુરુ પ્રાણ જ છે. એ જ પ્રેમ વરસાવતી આંખો... એ જ હસતો ચહેરો. એ જ મુસ્કાન.! ના...ના... આ તો મારા ગુરુ... મારા પ્રાણ જ છે.!

**ભક્તિ એક પ્રકારની શક્તિ હોય છે.**

જેમ જેમ ભક્તિ વધતી જાય તેમ તેમ અંદરની આત્મશક્તિ વધતી જાય. કેમકે, ભક્તિમાં માત્રને માત્ર આપવાનું જ હોય. ભક્તિમાં માત્ર અર્પણતા જ હોય.

ભક્ત એ જ હોય જે સમર્પણ કરે.

ભક્ત એ જ હોય જે સ્વયંને પોતાના ગુરુ કે પરમાત્માના ચરણમાં સમર્પિત કરી પોતે શૂન્ય બની જાય. સંપૂર્ણ પણે શૂન્ય બની જાય.!

પણ... આવી ભક્તિ બધાં ન કરી શકે, જ્યાં અપેક્ષા હોય ત્યાં અર્પણતા ન હોય.! જ્યાં અર્પણતા હોય ત્યાં અપેક્ષા ન હોય.!

જે ભક્ત હોય, જે સમર્પિત હોય તેને કોઈ આશા કે અપેક્ષા ન હોય, કેમકે, તેણે પોતાનું સર્વસ્વ ગુરુ ચરણ અને ગુરુ શરણમાં સમર્પિત કરી દીધું હોય. જ્યારે તે પોતે જ પોતાના ન હોય તો પોતાને મેળવવાનું પણ શું હોય??

જ્યારે મારૂં કોઈ અસ્તિત્વ જ ન હોય તો મારે આશા કે અપેક્ષા ક્યાંથી હોય?

**જો મારૂં સર્વસ્વ મારા ગુરુનું છે તો પછી ઓટોમેટિક જે ગુરુનું છે તે મારૂં છે, તો પછી ગુરુ પાસેથી કંઈ મળશે એવી આશા રાખવાનો પ્રશ્ન જ ક્યાં આવે?**

પણ... આવી આત્મિયતા... આત્માનું આત્મા સાથેનું જોડાણ, આત્મ ઐક્યતા બધાં ન સાધી શકે.




જ્યાં સુધી કંઈક મેળવવાની આશા છે ત્યાં સુધી કદાચ કંઈક મળશે પણ ખરૂં પણ એ મળેલું ટેમ્પરરી હશે. અશાશ્વત હશે, અલ્પ સમય માટે હશે. પણ જે દિવસે એ ભાવ હશે કે મારે કોઈ આશા કે અપેક્ષા નથી, તે દિવસે જે મળશે તે શાશ્વત મળશે, તે કાયમ માટેનું હશે. તે ક્યારેય તમારાથી છૂટું ન પડે તેવું હશે.

આજ સુધી આ સંસારથી જે કાંઈ મેળવ્યું તે કેવું હતું ?

આ શરીર, સંપતિ, સંબંધ, સ્નેહ... બધું જ કેવું છે ? ટેમ્પરરી... જે એક દિવસ છૂટવાનું જ છે.!! છતાં કંઈક ને કંઈક મેળવવાની આશા હોય જ છે. કાંઈ નહીં તો અંતે એક સ્માઈલની પણ અપેક્ષા હોય જ.!!

મુનિ રતિલાલજી મ.સા. સમર્પિત શિષ્ય હતા. પરમ ભક્ત હતાં. જે દિવસથી ગુરુ પ્રાણના ચરણ અને શરણમાં આવ્યા, જે દિવસથી એમની દીક્ષા થઈ ત્યારથી જે દિવસે ગુરુપ્રાણની વિદાય થઈ, એક પણ દિવસ ગુરુ પાસેથી કોઈ આશા કે અપેક્ષા રાખી ન હતી. ન કોઈ વસ્તુની આશા કે ન જ્ઞાનની આશા... ન પ્રશંસાની અપેક્ષા, ન એક સ્માઈલની આશા.!! મારે મારા ગુરુ માટે મારા ભાવથી, મારા પ્રેમથી જે કરવું છે તે હું કરૂં છું. મારે ગુરુના દર્શન કરવા છે, મને દર્શન થઈ જાય એ જ મારા સદ્‌ભાગ્ય છે, એ મારી સામે જુએ કે ન જુએ. મને એમની સામે જોવા મળે તે જ મારા માટે ઘણું બધું છે. મારા ગુરુ મારા દર્શન કરે એવો વિચાર કરીને પણ મારે પાપ નથી કરવું.

ગુરુના દર્શન કરવા તે ધર્મ છે પણ ગુરુને દર્શન કરાવવા તે પાપ છે.

ગુરુદેવ મારી સામે જુએ તે સદ્‌ભાગ્ય.

આત્માના હિત, શ્રેય અને કલ્યાણની ખેવના કરનાર ગુરુપ્રાણની વિદાય ૧૯૫૯ માં બગસરાની ભૂમિ પર થઈ. સાત્વલી નદીના કિનારે એમના દેહના અગ્નિ સંસ્કાર થઈ ગયાં. જેમના સહારે જીવનનૈયા ચાલી રહી હતી એવા નાવિક સમાન ગુરુપ્રાણની વિદાય થઈ ગઈ.

જ્યાં સંયોગ હોય ત્યાં વિયોગ પણ હોય.

જ્યાં મિલન હોય ત્યાં વિરહ પણ હોય.

મુનિ રતિલાલજી મ.સા.ને લાગ્યું ગુરુપ્રાણની વિદાય...એમના પ્રાણની વિદાય છે. જેમનો પ્રેમ એમનો આધાર હતો એ પ્રેમની જ વિદાય થઈ ગઈ...!!! એક અકથ્ય વેદના...એક આંતરિક પીડા.!

ગુરુ નહીં તો હું નહીં...!

જ્યાં સાગર ત્યાં સરિતા... જ્યાં ગુરુ ત્યાં શિષ્ય.!! અને એમણે ગુરુ પાસે જવા માટે અન્નજળનો ત્યાગ કરી મૃત્યુના માર્ગે જવાનો સંકલ્પ કરી લીધો.!!

જેમ શ્વાસ વિનાનું શરીર હોય એમ ગુરુપ્રાણ વિના મુનિ રતિલાલજી મ.સા. થઈ ગયાં. ગુરુની વિદાયને ત્રણ દિવસ થઈ ગયાં. મુનિ રતિલાલજી મ.સા.એ પણ ત્રણ દિવસથી આહાર પાણી વાપર્યા નથી અને એક એક ક્ષણ ગુરુના સ્મરણમાં... ગુરુના વિરહની વેદનામાં વ્યતિત કરી રહ્યાં છે.

ગુરુ સ્મરણ જેનો શ્વાસ હોય અને ગુરુ શરણ જેનો વિશ્વાસ હોય એ જ સાચો શિષ્ય કહેવાય.

આવા ગુરપ્રાણના યર્થાથ શિષ્ય મુનિ રતિલાલજી મ.સા.એ ૧૯ વર્ષની ઉંમરે દીક્ષા લીધી અને ૨૩ વર્ષ ગુરુની સેવા કરી, એમનાં પાવન સાંનિધ્યને માણ્યું, એમના પ્રેમમાં ભિંજાયા. એવા ગુરુની વિદાયથી મનમાં અશાંતિ અને અજંપો હતાં. ગુરુ સામે ફરિયાદ કરતાં હતાં કે, તમે તો કહેતાં હતાં કે આપણે બંને એક છીએ અને અનંતકાળ સાથે રહેવાના છીએ... તો પછી મને એકલો મૂકીને કેમ ચાલ્યા ગયા ?

ત્યાં જ અચાનક... રૂમમાં પ્રકાશ થાય છે અને સામે સાક્ષાત ગુરુપ્રાણને જુએ છે... શું આ એમના મનનો ભ્રમ છે કે સત્ય.??

મનમાં ગુરુપ્રાણ જ્યાં ત્યાં હું સાથે સંકલ્પ કર્યો છે, અને સંકલ્પને પૂરો કરવા અન્નજળનો ત્યાગ કર્યો છે. આજે ત્રીજો ઉપવાસ પૂરો થાય છે ત્યાં જ સામે ગુરુપ્રાણના દર્શન થાય છે.

સંકલ્પ સાથે જો અઠ્ઠમ થાય તો સંકલ્પ સિધ્ધ થાય જ.! આવું જ થયું મુનિ રતિલાલજી મ.સા. સાથે.!!

સ્મરણ શક્તિ અને સંકલ્પ શક્તિનો સંયોગ થયો.

વિયોગ જ સાધનાનો પ્રયોગ હોય છે, અને વિયોગ અને વિરહના સમયે જ સાધના અને સમર્પણતાની પરીક્ષા થાય છે. તમને તમારા ગુરુ પ્રત્યે કેટલો પ્રેમ છે, કેટલી શ્રધ્ધા છે, કેવી ભક્તિ છે, તમારો ડીવાઈન પ્રેમ કેટલો સ્ટ્રોંગ છે, તે વિદાય પછી જ પરખાય.

શિષ્ય એ જ હોય જે ગુરુનો સાથ ક્યારેય ન છોડે.

ગુરુપ્રાણ મુનિ રતિલાલજી મ.સા.ની સામે ઊભા છે. મુનિ રતિલાલજી મ.સા. વિચારે છે, અરે ! આ શું છે ? હું આ શું જોઈ રહ્યો છું ? એ એકદમ ઊભા થઈ જાય છે... ગુરુદેવ ! તમે. !!

ગુરુદેવના ચહેરા પર એ જ મંદ મંદ મોહક સ્મિત છે. દેદીપ્યમાન ચહેરો છે. મુનિ રતિલાલજી મ.સા.નું શરીર ધ્રુજવા લાગે છે. એ બોલી નથી શક્તાં... અચાનક વિદાય લઈ ગયેલાં ગુરુપ્રાણને જોઈને અવાચક થઈ જાય છે. ગુરુપ્રાણના મુખમાંથી શબ્દો સરે છે :

''તારે મરી જવું છે ?'' **તો મરતાં પહેલાં તારા સ્વભાવને માર. !!**

મુનિ રતિલાલજી મ.સા.ને મન આ ગુરુ મુખેથી નીકળેલા શબ્દો નહીં પણ આદેશ હતો. આ વાક્ય ન હતું ગુરુ મંત્ર હતો, શિષ્ય માટે ઉપદેશ નહીં પણ અંતઃ સ્તલની પ્રેરણા હતી.

મુનિ રતિલાલજી મ.સા.એ પાપણ ઝૂકાવી, મસ્તક નમાવી કહ્યું,

જી ગુરુદેવ !

અને જ્યાં આંખો ખોલી ત્યાં તો ગુરુદેવ અંતરધ્યાન થઈ ગયાં હતાં.

મુનિ રતિલાલજી મ.સા.... ગુરુદેવ ! ગુરુદેવ ! કરે છે પણ...

ગુરુ તો પળ માટે આવે અને આખો ભવ સુધારી દે.

મુનિ રતિલાલજી મ.સા.એ ગુરુપ્રાણ ક્યાં ગયાં તે જોવા બારી ખોલી, બારણા ખોલ્યાં પણ ગુરુદેવ ક્યાંય દેખાણા નહીં. આજુબાજુવાળાને ઉઠાડયા, ગુરુદેવ આવ્યા હતાં, તમે એમને જોયાં ? જુઓ, આ રૂમમાં અહીં જ આવ્યાં હતાં અને અહીં ઊભા હતાં. જુઓ, અહીં કેટલી સરસ સુગંધ પણ આવે છે. !! એકદમ અલગ જ પ્રકારની સુગંધ આવી રહી છે. !!

ઉપસ્થિત સંતો અને શ્રાવકોએ કહ્યું, હા ! સુગંધ સરસ મઝાની આવે છે, પણ...ગુરુ પ્રાણ... ? ? ?

મુનિ રતિલાલજી મ.સા.ની આંખોમાં આંસુ આવી ગયાં. એ ભાવ વિભોર થઈ ગયાં... પ્રત્યક્ષ તો ગુરુએ મારી કેટલી સંભાળ રાખી, મારા જેવા અબૂધ, અજ્ઞાની અને સામાન્ય છોકરાને સંયમના માર્ગે લાવ્યા... સત્યની સમજ આપી. આત્માની ઓળખ કરાવી અને વિદાય પછી પણ... પછી પણ મારી આટલી હિત ચિંતા. !! આવા ગુરુને પામીને હું ધન્ય બની ગયો. !! એમની આંખોમાંથી ઉપકાર અને અહોભાવના આંસુ વહેવા લાગ્યાં અને એ જ પળે એમણે સંકલ્પ કર્યો કે, ''હવે મારે મરવું નથી, મારા સ્વભાવને મારવો છે.''

હવે મારે મારા ગુરુની આજ્ઞાનું પાલન કરવું છે. આજથી મારે મારા સ્વભાવને સુધારવો છે. મારે મારા સ્વભાવને મારવો છે. મારે મારા ઉદ્વેગને શાંત કરવો છે, મારે મારા શબ્દો પર અંકુશ રાખવો છે, હાલતા ચાલતાં ભવિષ્ય ભાખવાની ટેવને સુધારવી છે. આજથી મારે મારા 'સ્વ' ભાવમાં રહેવું છે, સમભાવમાં રહેવું છે.

ગુરુદેવ ! આજથી આપનું આ વાક્ય મારો જીવન મંત્ર છે, ગુરુ મંત્ર છે, હું એનું નિષ્ઠાથી પાલન કરીશ. ગુરુદેવ ! એકવાર દર્શન આપો. ગુરુદેવ ! બસ ! એક વાર દર્શન આપો. એકવાર અમીદૃષ્ટિ કરો. એક સ્મિત આપો. ગુરુદેવ ! પછી હું કાંઈ નહીં માંગું. !! આપના દર્શન સિવાય બીજું કાંઈ નથી જોઈતું. !!

ગુરુ એ જ કહેવાય, જે જ્યાં ન હોય છતાં ત્યાં હોય.

ગુરુ એ જ કહેવાય, જે સામે ન દેખાય છતાં સામે આવીને ઊભા રહી જાય.

ગુરુ એ જ કહેવાય, જે આપણા બહારના રૂપને નહીં પણ આંતરિક સ્વરૂપના હિતચિંતક હોય.

આપણા મનની લાગણીને પંપાળવાવાળા, પોષવાવાળા તો જન્મો જન્મ મળે પણ આપણા આત્માનો વિકાસ કરાવવાવાળા, આત્માના હિતની ચિંતા કરાવવાવાળા ગુરુ અનંતા અનંતા પુણ્યના ઉદયે જ મળે.

બહારની વસ્તુઓ અને પદાર્થથી તમારૂં ધ્યાન રાખે તે નહીં, પણ જે તમારા આત્માના ગુણોનું ધ્યાન રાખે, જે તમારામાં અવગુણોને પ્રવેશવા ન દે તે 'ગુરુ' કહેવાય.

જીવતા તો ધ્યાન રાખે પણ વિદાય પછી પણ ચિંતા કરે તે 'ગુરુ' કહેવાય.

અને આવા ગુરુને પામવાનું સદ્દભાગ્ય મળ્યું હતું મુનિ રતિલાલજી મ.સા.ને. !!

મુનિ રતિલાલજી મ.સા.ની આંખ સામેથી એ દૃશ્ય ખસતું નથી એ દિવ્ય આકૃતિ યાદ આવે છે અને રોમરોમ પુલક્તિ થઈ જાય છે. કાનમાં વારંવાર એ જ રણકો સંભળાય છે, 'તારે મરવું હોય તો પહેલાં તારા



**મોહ ગર્ભિત ત્યાગ**

દ્વેષ વડે કરીને જે ત્યાગ થાય, મારાપણાને લઇ, મમતાને લઇને, સ્વાર્થને લઇ જે ત્યાગ થાય તે મોહ ગર્ભિત ત્યાગ છે. ઉપરોકત રાગાદિ ચાલ્યા જાય ત્યારે આ ત્યાગ પણ રહેતો નથી.



**દુ:ખ ગર્ભિત ત્યાગ**

દુ:ખના નિમિત્ત,દુ:ખના કારણે જે ત્યાગ કરે તેને દુ:ખ ગર્ભિત ત્યાગ કહે છે.જ્યાં સુધી દુ:ખ રહે છે ત્યાં સુધી આ ત્યાગ રહે છે. જ્યારે તે જાતનું દુ:ખ ચાલ્યુ જાય છે ત્યારે તે ત્યાગ પણ ચાલ્યો જાય છે.

સ્વભાવને માર પછી મરજે.'

અને મુનિ રતિલાલજી મ.સા. દ્દઢ નિશ્ચય કરે છે, 'મારે મરતાં પહેલાં મારા સ્વભાવને મારવો છે.'

ગુરુપ્રાણને ભાવ વંદના કરી વિનંતિ કરે છે, ગુરુદેવ! આપની આજ્ઞા, આપનો આદેશ શિરોમાન્ય છે, આપ આશીર્વાદ આપજો, શક્તિ આપજો, કૃપા કરજો.!!

કહેવાય છે કે તે દિવસથી મુનિ રતિલાલજી મ.સા.નો સિતારો ચમકવા લાગ્યો, એ ક્ષણ, એ પલ, એ મધ્ય રાત્રિ અને એ દિવ્ય દર્શન પછી મુનિ રતિલાલજી મ.સા.ની માનસિક, વૈચારિક, ભાવિક દરેક સ્થિતિઓમાં પરિવર્તન આવવા લાગ્યું આંતરિક વિકાસ થવા લાગ્યો. લાઈફમાં યુ ટર્ન આવી ગયો.!

જાણે ગુરુપ્રાણે માત્ર દર્શન જ નહીં દિવ્ય વાઈબ્રેશન્સ્ પણ મુનિ રતિલાલના રોમરોમમાં વ્યાપ્ત કરી દીધાં. દિવ્ય કૃપાથી એમને ભિંજવી દીધાં.!

પ્રત્યક્ષ સ્વરૂપે દીક્ષાનું દાન અને વિદાય પછી દિવ્ય દર્શન સાથે કૃપાનું દાન.!

મુનિ રતિલાલજી મ.સા.ના જીવનમાં, એમની આંતરિક આત્મધરામાં જે પરિવર્તન આવ્યું તે પરિવર્તન માત્ર તેમના પૂરતું જ ન હતું પણ અન્ય અનેકોના જીવનને પરિવર્તન કરાવનારૂં હતું.

## મુનિ રતિલાલજી મ.સા. બન્યાં ગુરુ રતિલાલ

મુનિ રતિલાલજી મ.સા. ધીરે ધીરે... ધીરે ધીરે ગુરુદેવ રતિલાલજી મ.સા. બનવા લાગે છે. પણ જેવા ગુરુપ્રાણ યાદ આવી જાય એટલે તરતજ એમને લાગે કે, જાણે એમના જીવનમાં કાંઈજ નથી એમનામાં એવી કોઈ યોગ્યતા કે પાત્રતા પણ નથી કે એ ગુરુ પ્રાણની જેમ સિંહની ગર્જના જેવા ધારદાર પ્રવચનો આપી શકે. ગુરુપ્રાણની તો પ્રવચન આપવાની પણ એક કલા હતી, એમના વ્યક્તિત્વની એક પ્રતિભા હતી.!

ગુરુ જ્યારે શિષ્ય પર કૃપા વરસાવે છે ત્યારે સામાન્ય પણ શ્રેષ્ઠ બની જાય છે. જેનામાં કોઈ પ્રતિભા ન હોય તેની પ્રતિભા પણ ખીલી ઉઠે છે.

વ્યક્તિની અંદર જ્ઞાન, ધ્યાન, સાધના, માટે ગમે તેટલી ક્ષમતા હોય, પણ **જ્યાં સુધી ગુરુની કૃપા ન થાય ત્યાં સુધી એની ક્ષમતા ક્યારેય પ્રગટ ન થાય.**

મધ્ય રાત્રિએ એક પળ માટે દર્શન આપી ગુરુ પ્રાણે મુનિ રતિલાલજી મ.સા. ઉપર એવી કૃપા વરસાવી. એવી કૃપા વરસાવી કે મુનિ રતિલાલજી મ.સા.ની આંતરિક ક્ષમતા એકદમ બહાર આવવા લાગી.

મુનિ રતિલાલજી મ.સા. ગુરુની ભાવનાને સાકાર કરવામાં લાગી ગયા. 'મારે મારા સ્વભાવને મારવો છે.' અને ધીમે ધીમે એમના સ્વભાવમાં પરિવર્તન આવવા લાગ્યું. એમનો ક્રોધ, આવેગ શાંત તવા લાગ્યાં. ગમે તેવી પરિસ્થિતિને સમતા ભાવે સહન કરવા લાગ્યાં. દરેક વાતનો સ્વીકાર કરવા લાગ્યાં, જોનારાને પણ એમનામાં પરિવર્તન દેખાવા લાગ્યું.

એક તરફ ગુરુની આજ્ઞાનું પળ પળ પાલન થવા લાગ્યું અને એક તરફ પળે પળે ગુરુની કૃપાનો અનુભવ થવા લાગ્યો. એમની પ્રતિભા ખીલવા લાગી. ભલે પ્રવચન આપવાની કોઈ કલા ન હતી પણ દિલની નિખાલસતા અને સરળતાના કારણે એમના મુખમાંથી નીકળતાં શબ્દો સાંભળનારના હૃદયને સ્પર્શ કરવા લાગ્યાં. એમના પ્રત્યેની શ્રધ્ધા અને ભક્તિ વધવા લાગ્યાં. લોકો એમને ગુરુ તરીકે ધારવા લાગ્યા, સ્વીકારવા લાગ્યાં. ગુરુ ભક્તિ અર્પણ કરવા લાગ્યાં. મુનિ રતિલાલજી મ.સા. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. બની ગયા. ગુરુદેવ બની ગયાં.

અને બીજા જ વર્ષથી એમણે વેરાવળમાં પહેલી વાર એક સાથે છ આત્માઓને દીક્ષા આપી અને જાણે દીક્ષા માટેના દ્વાર ખુલી ગયાં.!! એ છ ભાગ્યશાળી આત્મામાં એક હતાં પૂજ્ય શ્રી જનકમુનિ મ.સા. અને બીજા પાંચ સાધ્વીજી ડૉ. પૂ. શ્રી તરૂલત્તાબાઈ મ., પૂ. શ્રી જશુબાઈ મ., પૂ. શ્રી પુષ્પાબાઈ મ., પૂ. શ્રી કંચનબાઈ મ., પૂ. શ્રી વિજયાબાઈ મ. અને પછી તો ૧૪૫ આત્માઓને દીક્ષા આપી જેમાં ૧૦૮ તો એમના જ શિષ્યો રૂપે હતાં.

એમની વિચક્ષણ બુધ્ધિ અને પારખુ નજરના કારણે વ્યક્તિને જોઈને જાણી જતાં કે આ વ્યક્તિ જનમ જનમની સાધક છે, આ વ્યક્તિ પાત્રવાન છે, આ વ્યક્તિ સંયમના માર્ગે આવવા યોગ્ય છે અને એમને પ્રેરણા કરતાં હતાં અને પ્રેરણામાં પણ વધારે કાંઈ નહીં. માત્ર એક જ વાકય.

**''તારે દાસી બનવું છે કે સ્વામી ?''**

દાસી બનવું હોય તો લગ્ન કરી લે,

સ્વામી બનવું હોય તો સંયમના માર્ગે આવી જા.! આ વાકયની પ્રેરણાથી ૧૦૮ આત્માઓને સંસારમાં ડૂબતાં બચાવી લીધાં, અને મોક્ષ માર્ગના પથિક બનાવી દીધાં, એમને શારણા, વારણા અને ધારણા દ્વારા યોગ્ય બનાવી દીધાં.

એમની શુભ ભાવના અને સત્ય નિષ્ઠાના કારણે એ વચન સિધ્ધ બન્યાં હતાં. એક વખત પણ જો કોઈને ભાવથી કહી દીધું પછી એ સંયમના માર્ગે અવશ્ય આવે જ.!! એમના મુખમાંથી જે નીકળે એવું જ બને એવી એમની વચન લબ્ધિ હતી.

સાધના પણ એવી ઉષ્કૃષ્ટ કરતાં અને એમના ભૂતકાળ સાથે અનુસંધાન કરતાં. ભેદજ્ઞાનને પ્રગટ કરતાં. હું ચૈતન્ય છું, હું જ્ઞાન સ્વરૂપ છું, હું સ્વયં શુધ્ધ છું એવો અનુભવ કરતાં અને પળે પળે જાગૃત રહેતાં, આત્મ શુધ્ધિ કરતાં. આત્મ કલ્યાણની કેડી પર આગળ વધતાં હતાં.

### ધન્ય માતા... ધન્ય પુત્ર.. !

વેરાવળમાં દીક્ષા મહોત્સવ પૂર્ણ કરી તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવે વિહાર શરૂ ક્યો હતો ત્યાં જ રાજકોટથી સમાચાર આવ્યાં. સમાચાર લઈ આવનાર ભાઈએ કહ્યું, આપે વચન આપ્યું હતું તે પૂર્ણ કરવા રાજકોટ પધારવાનું છે. ગુરુદેવ વિચારવા લાગ્યા... મેં વચન આપ્યું છે ? મેં તો કોઈને વચન આપ્યું હોય એવું યાદ આવતું નથી ત્યાં તે ભાઈએ પત્ર હાથમાં આપ્યો. ગુરુદેવ પત્ર વાંચવા લાગ્યા. પત્રમાં લખ્યું હતું.

> સંયમ લેતી વખતે મેં જ આપને સંમતિ આપી હતી અને સંમતિ આપતી વખતે એક વચન લીધું હતું, મેં કહ્યું હતું, જ્યારે મારો અંતિમ સમય આવે, જ્યારે મારી બહારની આંખો બંધ થવાની ઘડી આવે ત્યારે મારી ત્રીજી અંદરની આંખ ખોલવા પધારજો. ગુરુદેવ એ ઘડી આવી ગઈ છે... આપ પધારો રાજકોટ.!!

**પત્ર હતો સંસારી માતા જમકુબાનો.!!**

તપસમ્રાટ પૂ. ગુરુદેવને દીક્ષા માટેના આજ્ઞા પત્ર સમયે આપેલું વચન યાદ આવી ગયું અને એ વચનનું પાલન કરવા વિહાર કરીને રાજકોટ પહોંચી ગયાં. જમકુબાના આંગણે પહોંચ્યા તો ત્યાં જમકુબા સૂતા હતાં. શ્વાસ ચઢી ગયો હતો, શરીરમાં તાવ ભર્યો હતો અને શરીર પણ એકદમ કુશ થઈ ગયું હતું. હાથ હલાવવા જેટલી પણ તાકાત ન હતી. પણ જેવા તપસમ્રાટ પૂ. ગુરુદેવને જોયાં જાણે એમની આંખોમાં ચમક આવી ગઈ. ધીરે ધીરે હાથ ઊંચા થયાં અને બે હાથ જોડાઈ ગયાં.

આ એ જ હાથ છે જેના દ્વારા આ વિરાટ વ્યક્તિત્વનું પાલન-પોષણ કર્યું હતું. આ એ જ હાથ છે જેના દ્વારા આ મહાન આત્માના મુખમાં એક એક કોળિયાં જમાડયાં હતાં. આ એ જ હાથ છે જે આ સિધ્ધ પુરુષના મસ્તક પર મૂકાતો અને એમાંથી નીકળતાં પ્રેમ ભર્યા પોઝીટીવ વાઈબ્રેશન્સ્ એમના રોમ રોમમાં વ્યાપી જતાં.

આ એ જ મા છે જેમણે એક સમયે આ વિરાટ વ્યક્તિત્વને પોતાના લોહીથી દેહ ધારણ કરાવ્યો હતો, નવ મહિના પોતાના આહાર, વિહાર અને નિહાર પર સંયમ રાખી, પોતાની જીવન ચર્યાને સંયમિત બનાવી, સત્સંગ, સત્ પ્રેરણા અને સત્ભાવથી ગર્ભસ્થ અવસ્થામાં જ સંસ્કારનું સિંચન કર્યું હતું.

એ જ મા આજે બે હાથ જોડીને સૂતી છે અને સામે પોતાના જ લોહીથી સિંચન પામેલું વિરાટ વ્યક્તિત્વ છે. મા ની આંખોમાં ચમક છે. આ જ આત્મા જ્યારે માના ગર્ભમા હલન ચલન કરતો હતો અને તે સમયે જે રોમાંચનો અનુભવ થતો હતો એવો જ અનુભવ આજે થવા લાગ્યો. એમનું હૃદય સ્પંદિત થવા લાગ્યું. મમતા છલકાવા લાગી. એક અલગ જ પ્રકારની સંવેદના અનુભવાવા લાગી. એ જ મા અત્યારે વિચારે છે, એક દિવસ જેને મેં મારૂં દૂધ પીવરાવ્યું હતું એ જ બાળક આજે વિરાટ વ્યક્તિત્વના ધારક બની મને આત્મિક અમૃતપાન કરાવે છે.

આ એ જ મા છે જે એક સમયે એમના દેહને સ્નાન કરાવી શુધ્ધ કરતી હતી અને આજે એ આત્મ સ્નાન કરાવી રહ્યાં છે. મા એ દ્રવ્ય શુધ્ધિ કરાવી હતી જ્યારે બાળક ભાવ શુધ્ધિ કરાવે છે.

પૂ. ગુરુદેવે એમની પ્રજ્ઞા શક્તિથી જાણી લીધું કે બસ, હવે ચાર દિવસ બાકી છે.

પૂ. ગુરુદેવ સવાર, બપોર, સાંજ સાધના, આરાધના, પ્રતિક્રમણ આલોચના અને જાપ કરાવે છે. તપસમ્રાટ પૂ. ગુરુદેવના મુખકમલમાંથી દિવ્ય ધ્વની પ્રગટ થાય છે. **ચત્તારિ શરણં પવજ્જજામિ... અરિહંતે શરણં પવજ્જજામિ**

જમકુબાનો આત્મા દિવ્યતાનો અનુભવ કરી રહ્યો છે, એમના ચહેરા પર પરમ સંતોષના ભાવ છે. મેં તો રતિલાલને જન્મ આપી જીવન આપ્યું, આજ એ મને આત્મજીવન આપી રહ્યાં છે. મેં તો એમને માત્ર ચર્મ ચક્ષુ આપ્યાં આજે એ મને પ્રજ્ઞા ચક્ષુ દાન કરી રહ્યાં છે. મેં તો એમને રાગ અને મમતા આપ્યાં હતાં આજે એ મને આત્માનો સાચો પ્રેમ પ્રદાન કરી રહ્યાં છે.

પૂ. ગુરુદેવ સ્વયંના બ્રહ્મનાદથી જમકુબાના બ્રહ્મતત્ત્વને જાગૃત કરી રહ્યાં છે. એમના રૂચક પ્રદેશને જાગૃત કરી રહ્યાં છે. એમની આત્મ ચેતનાને જાગૃત કરી રહ્યાં છે, અને જાણે એ જાગૃત થતાં જમકુબાના ભવો ભવના કર્મબંધનો તૂટવા લાગે છે, આત્મા નિર્મળ થવા લાગે છે આત્મ જ્યોતિ પ્રગટ થવા લાગે છે.

અને ચાર દિવસ પછી જમકુબાની બહારની આંખો ધીરે ધીરે બંધ થવા લાગી અને અંદરની આંખ ખુલવા લાગી. એમના સર્વ કાર્ય સિધ્ધ થઈ ગયાં. એમનો ભવ સાર્થક થઈ ગયો. તપસમ્રાટ પૂ. ગુરુદેવની આંખો સામે દેહનો પરિત્યાગ કરી પરમના પંથે પ્રયાણ કરી ગયાં. **– ક્રમશ:**

# અનન્ય અવધૂતની ઓળખયાત્રા

તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. જન્મ શતાબ્દી મહોત્સવ અવસરે 'પ્રાણપુષ્પ' માં પૂ. ગુરુદેવ શ્રી નું જીવન કવન વાંચો અને દરેક અંકમાં પ્રસિધ્ધ થતાં ૧૧ પ્રશ્નોના જવાબો આ ફોર્મમાં ભરીને પારસધામ મોકલો. જન્મશતાબ્દી મહોત્સવ અવસરના છેલ્લા અંક સુધી પ્રકાશિત દરેક અંકોના લેખિત અને સાચા જવાબ આપનારને ઈનામ આપવામાં આવશે.

૧. સેવા અને વૈયાવચ્ચ કરવાથી શું થાય ?

૨. મુનિ રતિલાલજી મ.સા. નું શાંત અને સૂનમૂન થવાનું કારણ શું હતું ?

૩. પ્રેમથી પરિભાષા શું હોય ?

૪. ડીવાઇન પ્રેમની પ્રતીતિનું પરિબળ શું હોય ?

૫. ગુરુ પ્રાણની વિદાય પછી પૂ. રતિલાલજી મ.સા. એ શું સંકલ્પ કર્યો ?

૬. ગુરુ પ્રાણની વિદાય ક્યારે અને ક્યાં ?

૭. વિદાય પછી ગુરુ પ્રાણે મુનિ રતિલાલજી મ.સા. ને શું પ્રેરણા કરી ?

૮. ગુરુ પ્રાણની વિદાય પછી મુનિ રતિલાલજી મ.સા. શું દૃઢ નિશ્ચય કરે છે ?

૯. આંતરિક ક્ષમતાને પ્રગટ કરવા શેની જરૂર પડે ?

૧૦. તપસમ્રાટ પૂ. ગુરુદેવે કેટલાં આત્માઓને દીક્ષા આપી ?

૧૧. મોક્ષ માર્ગના પથિક બનાવતું તપસમ્રાટ પૂ. ગુરુદેવનું પ્રેરણાત્મક વાકય ?

નામઃ ............ ઉંમર ............ M ☐ F ☐

સરનામુંઃ ............

સીટી ............ પીનઃ ............

ફોન નંબરઃ (ઘર)............ (મોબાઈલ)............

ઇ મેઇલઃ ............

પ્રથમ ઇનામ 1 લાખ

દ્વિતીય ઇનામ 51 હજાર

તૃતીય ઇનામ 21 હજાર

૮૦ થી વધુ સાચા જવાબો આપનારનું સન્માન કરવામાં આવશે.

પ્રશ્નોતરમાળાના જવાબ ૩૦/૦૫/૨૦૧૩ સુધીમાં મોકલનારના ફોર્મ જ માન્ય ગણાશે.

જવાબ ભરીને મોકલવાનું સરનામું :

**અનન્ય અવધૂત ઓળખયાત્રા** - પારસધામ : વલ્લભબાગ લેન, તિલક રોડ, ઘાટકોપર (ઇસ્ટ ) મુંબઇ - ૪૦૦૦૭૭

**website : www.parasdham.org**

ફોર્મની ઝેરોક્ષ માન્ય ગણાશે.

Cut Here

## દિલ્હીમાં
### રહેવા જમવાની ઉમદા સગવડ

5 Star Amenities
**SWATI** Hotels

- 15-A/56, W.E.A. Karol Bagh, Opp. Roopak Stores, Ajmal Khan Road, New Delhi - 110 005
- 17-A/32, W.E.A. Karol Bagh, Gurudwara Road, Opp. Jasaram Hospital, New Delhi - 110 005

**Suruchi**
VEGETARIAN RESTAURANT

**Delhi:** Karol Bagh ★ Shalimar Bagh ★ Anand Vihar ★ **Faridabad**
**Opening Shortly**
**Bhopal - Jalandhar - Raipur**

**Shudh**
North India's First Vegetarian Food Court

**Delhi:** Karol Bagh
Jalandhar
**Opening Shortly**
**Bhopal - Guwahati**

**Franchise inquiry solicited**

Tel: **+91-11-45000300** Resv.no: **+91-11-45000325/26**
E-mail: info@hotelswati.com / reservation@hotelswati.com
www.swatihotels.com
www.shudhrestaurant.com
www.suruchirestaurants.com

**A VENTURE OF SUGAL & DAMANI GROUP**

**Pravin Shah**
**Piyush Shah**
**M.: 9320555504**



# *Kaladeep Corporate*

## Manufacturers & Suppliers Of :

**CORPORATE & INDUSTRIAL UNIFORMS,**
**FILTER BAGS, THIGHER,**
**BATA SAFETY SHOES & SAFETY ITEMS**

Stockist : Filter Cloth, "Duck Back" Raincoats, Gumboots, Umbrellas, Woollen Sweaters & Any General Welfare Items.

A/3, Jivram Bhuvan, Ram Ratan Trivedi Road, Mulund (West), Mumbai - 400 080. Telefax. : 2560 4627, Tel. : 2591 9401
E-mail : kaladeepcorp_80@yahoo.com

# a LOT for your TOT...
## at CARRON

BLACK ANT +919820097289

**carron**
readymade garments

188, kalbadevi road, opp. cotton exchange, mumbai - 400 002 Tel.: 2240 44 49 web: www.carrongroup.in

**VIRANI INTERNATIONAL**
**Your Key to Security Holograms &**
**Self Adhesive Label Stock**

*Holoprint*
DIVISION OF VIRANI INTERNATIONAL

Contact Details
67B, KMA, Garden,
Kannadasan Nagar, Kodungaiyur,
Chennai - 600 118. India.
Ph :- +91 44 2555 8945
Fax :- +91 44 2555 3581
Mobile :- +91 98840 97410
mailvirani@yahoo.com
www.virani.in




## કર્મોના કારણે દુ:ખ આવે...
## પણ, ગુરુકૃપાના કારણે દુ:ખી ન થવાય

—શ્રી જયંતિભાઈ મેઘાણી

*With Best Compliments from*

# Shasun Pharmaceuticals Limited

*Manufacturer of*
*Finished Dosage Forms, Bulk Pharmaceutical*
*&*
*Bio therapeutic Ingredients*

Shasun®
For Life - Science Works

*Registered & Corporate office*

*3rd & 4th Floor, "Batra Centre"*
*28, Sardar Patel Road, Guindy, Chennai 600 032. India*

*Tel : 91-44-4344 6700 Fax : +91-44-2235 0278*
*Email : shasun@shasun.com, Website : www.shasun.com*

# આશીર્વાદથી ઈચ્છા પૂર્તિ

તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. સાથેના અનુભવો



**શ્રી મયુરભાઇ શાહ- રાજકોટ**

મને બરાબર યાદ છે ૧૯૯૪ ની સાલમાં હું એચ. જે. ઇન્ડસ્ટ્રીમાં મેનેજર હતો. એક દિવસ સવારે નિયમ મુજબ હું એચ.જે. સ્ટીલ્સમાં મારી ફરજ ઉપર જવા નિકળ્યો. રસ્તામાં પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ. સા. ને વ્હીલચેરમાં જતાં જોયા. તેઓ રતિલાલ દોશીના ઘરે પગલા કરવા જઇ રહ્યા હતાં. ફેકટરીએ જવાનો રસ્તો તે જ હતો. મેં પૂ. ગુરુદેવની વ્હીલચેર ઉભેલી જોઇ, મને દર્શનના ભાવ થયા અને મેં દર્શન કર્યાં. ત્યારબાદ મારા મિત્ર સાથે વાત કરવા ઉભો રહ્યો અને કહ્યું કે પૂ. ગુરુદેવ તમારા જેવા પૈસાદાર લોકોને ત્યાં જ પગલાં કરે કેમ ? મારા મિત્રએ કહ્યું, તેવું નથી. તું વિનંતિ કર તો તારે ત્યાં પણ પગલાં કરે બસ ! અને મેં વિનંતિ કરવાનું નકકી કરી ગુરુદેવ પાછળ વિનંતિ કરવા ગયો. ગુરુદેવે કહ્યું, અવસરે અત્યારે નહીં. હું તેમની પાછળ પાછળ ગયો. અનેક વાર વિનંતિ કરી કે ગુરુદેવ મારૂં ઘર રસ્તામાં જ આવે છે. હું એક કલાક તેમની પાછળ પાછળ ગયો. નોકરી ઉપર જવાનું પણ ભૂલી ગયો. પાછી મેં વિનંતિ કરી તો તેઓ કહે, ચાલ,આગળ ચાલ આવું છું અને મારી ખુશીનો પાર ના રહ્યો. તુરંત જ આગળ જઇ મારા ઘરે જઇ મારી પત્નિ મીતાને કહ્યું કે, રતિલાલજી મ.સા. આપણે ત્યાં આવે છે, તો તે માનવા તૈયાર ન હતી. મેં કહ્યું, સાચે જ આવે છે.

પૂ. ગુરુદેવ આવ્યા પણ ખરા અને ત્યારબાદ જ મારા પત્નિ મિતાએ ૧૬ ઉપવાસના ભાવ છે તેમ કહ્યું. પૂ. ગુરુદેવે કહ્યું, કે સારૂં સાંજે જૈન ભુવન આવજો. બસ એ જ દિવસથી પૂ. ગુરુદેવ પ્રત્યે મને બહુ જ ભાવ જાગ્યા અને રોજ એકવાર તેમના



દર્શન કરવા જવાનું ચાલુ કર્યું. મિતાને જે દિવસથી ૧૬ ઉપવાસ ચાલુ કરવાના હતાં તેના આગલા દિવસે જ તેને બે ડીગ્રી તાવ હતો તેણે કહ્યું, મારાથી આવતી કાલથી ઉપવાસ ચાલુ નહીં થાય અને ખરેખર થાય તેમ જ ન હતાં. અમે સાંજે પૂ. ગુરુદેવ પાસે ગયા અને વાત કરી તો તેઓશ્રીએ કહ્યું કંઇ તાવ નથી અને મીતાને પોતાના સ્વહસ્તે પ્રસાદી આપી કહ્યુ, કાલથી ઉપવાસ ચાલુ કરવાના જ છે.

અમે ઘરે પરત આવ્યા, શું કરવું તે સમજાતું ન હોતું પણ કાંઇક ચમત્કાર થયો કે શું ઘરે આવ્યા ને તાવ ગાયબ થઇ ગયો અને બીજા દિવસથી શ્રધ્ધાપૂર્વક ઉપવાસ ચાલુ કર્યા. રોજ પચ્ચખાણ લેવા જૈન ભુવન જતાં હતાં, કયારે ૧૬ ઉપવાસ પૂરા થયા તેની ખબર જ ન પડી, ખૂબ જ શાતાપૂર્વક ૧૬ ભથ્થુ પૂર્ણ થયું. બસ ત્યાબાદ તો હું પૂ. ગુરુદેવની ખૂબ જ નજીક આવ્યો.

મારા લગ્નને ૧૩ વર્ષ થઇ ગયા હતાં પરંતુ મારી ઘરે સંતાન ન હતું. અમે ઘણી દવાઓ કરી, ડૉક્ટરો બદલ્યા. છેલ્લે મુંબઇના ડૉ. શ્રી સાધના દેસાઇ પાસે પણ આવ્યા, તેમણે કહ્યું, બધું નોર્મલ છે. ૧૯૯૫ ની સાલ ૩ નવેમ્બરના રોજ મીતાનો જન્મદિવસ હતો તેણે કહ્યું, આજે કોઇ પાર્ટી ન કરતા. ચાલો વડીયા પૂ. ગુરુદેવના દર્શન માટે જવું છે અને અમે વડીયા ગયા. પૂ. ગુરુદેવ સમક્ષ મીતા વંદન કરતી હતી ત્યારે તેની આંખમાં આંસુ આવી ગયા. ગુરુદેવ કહે , કેમ રડે છે બેટા ? મીતાએ કહ્યું ગુરુદેવ ! ૧૩ વર્ષ થઇ ગયાં અમારે સંતાન નથી. પૂજ્ય ગુરુદેવ સહજ હસ્યા અને કહ્યું કાંઇ ચિંતા ન કર, સહુ સારા વાના થઇ જશે. આશીર્વાદ રૂપે રૂદ્રાક્ષનો પારો આપ્યો.

અમે રાજકોટ પરત આવ્યા, પણ આ તે કેવો ચત્મકાર તે જ મહિને મીતાનો પ્રેગનેન્સીનો રીપોર્ટ પોઝીટીવ આવ્યો. અમારા માનવામાં જ ન હતું આવતું. જ્યારે આટલા ડૉકટરો કંઇ જ ન કરી શક્યા ! આ તે કેવો ચત્મકાર ! પૂ. ગુરુદેવના આશીર્વાદનો જ આ પ્રભાવ છે.

હું તે જ દિવસે ગુરુદેવ પાસે સાંજે વડીયા દોડી ગયો અને તેમને સમાચાર આપ્યા. તેઓના મુખ ઉપર એક તેજ રૂપી હાસ્ય જોવા મળ્યું અને કહ્યું, કાંઇ જ ચિંતા ન કરતો, બધુ સારૂં થઇ જશે. હું રાજકોટ આવીશ ત્યારે તારા ઘરે આવીશ. પછી તો ૯ મહિના બાદ મારા ઘરે લક્ષ્મીરૂપી દીકરીનો જન્મ થયો. તેનું નામ કિંજલ પાડયું.

સવા મહિનો થયો એટલે સૌથી પહેલાં અમે વડીયા ગુરુદેવ પાસે આશીર્વાદ લેવા ગયાં ત્યારે તેમણે કહ્યું કે આ દીકરી શાસનના શરણે અર્પણ કરવી. મેં કહ્યું ગુરુદેવ ! આ પણ તમારા આશીર્વાદનો પ્રભાવ છે.

૧૯૯૮ માં પૂ. ગુરુદેવની તબીયત બગડી. વડીયાથી તેમને એચ. જે. દોશી હોસ્પિટલમાં લઇ આવ્યા. એક મહિનો હું તેમની સેવામાં હતો. મારી સાથે પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. પણ હતાં. પૂ. ગુરુદેવનાં અંતિમ દિવસોમાં પૂ. નમ્રમુનિ મ.સા. એ ખૂબ જ સેવા કરી હતી. તેઓનું દર્દ જોઇ તેઓ અનેક વખત રડી પડતા હતાં અને તેમની આંખોમાં આંસુ સાથે તેઓ કહેતાં કે, મારા ગુરુદેવને આટલી પીડા કેમ ?? ખેર ! ત્યારબાદ તેઓનું આયુષ્ય પૂરૂં થતાં કાળધર્મ પામ્યા. આજે પૂ. નમ્રમુનિ મ.સા.એ જૈન અને જૈનેતરોના લાખો લોકોના હૃદયમાં પોતાનું સ્થાન મેળવી ‘રાષ્ટ્ર સંત’નું બિરૂદ મેળવ્યું છે તે બધું પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. ની અમી દ્રષ્ટિ અને આશીર્વાદથી જ છે અને આજે પણ પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ ઉપર અમી દ્રષ્ટિ સાથે દિવ્ય આશીર્વાદ વરસાવી રહ્યાં છે.

અમારા પરિવાર ઉપર પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. અને પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.ના આશીર્વાદ સદાય વરસતાં રહે તેવી પરમ કૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના છે.

## જૈન અગ્રણી શ્રી મયુરભાઇ શાહની રાજકોટની ભાજપના કોષાધ્યક્ષ તરીકે પુનઃ નિમણુંક

**જૈન અગ્રણી શ્રી મયુરભાઇ શાહની ભારતીય જનતા પાર્ટી રાજકોટ નગરના કોષાધ્યક્ષ તરીકે પુન: નિમણુંક કરવામાં આવેલ છે. તેઓ પ્રાથમિક શિક્ષણ સમિતિના સદસ્ય તરીકે પણ ફરજ બજાવી રહ્યાં છે. આજે રાજકોટની અનેક જૈન -જૈનેતર સંસ્થાઓ સાથે જોડાયેલ છે. તેઓને ખૂબ ખૂબ અભિનંદન.**

In a Guru's refuge rather than simply listening it is more important to manifest our intellect through his positive

# Undeterred Faith

A RECITAL OF TAPSAMRAT PUJYA GURUDEV S BIOGRAPHY
BY YUG DIWAKAR GURUDEV



GURU PRAN WAS EXTREMELY SATISFIED AND HAPPY TO SEE THE THIRST FOR RENOUNCEMENT IN RATILAL BUT HE INSISTS THAT HE GET THE CONSENT OF HIS PARENTS RATILAL ACCEPTS HIS GURU S PRECEPT AND IMMEDIATELY GOES BACK AND TELLS HIS MOTHER I HAVE COME TO TAKE YOUR CONSENT O MOTHER WILL YOU LET ME GO TO GURU PRAN FOREVER‡

HIS MOTHER TRIES TO CONVINCE HIM NOT TO BECOME AN ASCETIC BUT IN VAIN FINALLY SHE AGREES AND ALLOWS HIM TO GO TO GURU PRAN THINKING THAT RATILAL WOULD COME BACK VERY SOON AS HE WOULD NOT BE ABLE TO SUSTAIN HARDSHIPS AS SOON AS RATILAL GETS THE CONSENT OF HIS MOTHER HE IMMEDIATELY RUSHES TO GURU PRAN RATILAL EXPERIENCES HEAVENLY JOY IN GURU PRAN S REFUGE HE IS FILLED WITH INNER JOY AND HAPPINESS

IN A GURU S REFUGE RATHER THAN SIMPLY LISTENING IT IS MORE IMPORTANT TO MANIFEST OUR INTELLECT THROUGH HIS POSITIVE VIBRATIONS

MADHAVJIBHAI ANGRILY TELLS GURU PRAN DOES MISLEADING MY CHILD SUIT YOU‡ A SAINT SHOWS THE RIGHT WAY TO EVERYBODY HE DOES NOT MAKE A BELOVED SON PART WAYS WITH HIS FATHER

GURU PRAN CALMLY LISTENS TO MADHAVJIBHAI S ALLEGATIONS AND FORGIVES HIM BECAUSE HE KNEW THAT HE WAS DOING THIS OUT OF IGNORANCE AND ATTACHMENT TO HIS SON MADHAVJIBHAI TELLS HIS SON RATI LETS GO I HAVE COME TO TAKE YOU ALONG WITH ME COME ON LETS GO HOME RATILAL HOLDING GURU PRAN S FEET ENTREATS HIM GURUDEV I DON T WANT TO LEAVE YOU I WILL NOT BE ABLE TO LIVE WITHOUT YOU

AN ENLIGHTENED BEING REMAINS SILENT IN FRONT OF IGNORANT BEINGS HIS SILENCE SPEAKS MORE THAN WORDS OF AN IGNORANT PERSON

GURU PRAN SAYS HE IS YOUR SON IF HE WANTS TO GO WITH YOU THEN YOU MAY TAKE HIM BUT IF HE WANTS TO STAY HEAR THEN I AM READY TO ACCEPT HIM

MADHAVJIBHAI S ARGUMENTS DID NOT HOLD GOOD SO HE ANGRILY WENT AWAY ONLY TO COME BACK AGAIN WITH THE LEADING MEN OF THE JAIN COMMUNITY BUT EVEN THAT DID NOT HELP ONE NEEDS TO HAVE A STRONG MIND TO TACKLE THE OBSTACLES THAT HE MIGHT FACE WHILE PURSUING THE SPIRITUAL PATH GURU PRAN KEPT IMPARTING RIGHT KNOWLEDGE TO RATILAL O RATI YOUR SOUL HAS TAKEN BIRTH AS A HUMAN BEING TO BECOME A SUPREME SOUL SO

ENTANGLED OR ALLURED BY THE TRIVIAL MAKE THE MOST OF EVERY MOMENT OF THIS DIVINE CONNECTION BE AWAKENED AND NEVER BECOME NEGLIGENT EVEN FOR A MOMENT I AM SURE YOU WILL BECOME A REVERED ASCETIC IN GURU PRAN S REFUGE RATILAL ACHIEVED SELF REALIZATION AND AWAKENED HIS SOUL ADVERSITIES ALWAYS OBSTRUCT THE PATH OF EVOLVING GREATNESS

ONCE RATILAL FELL ILL DUE TO HIGH FEVER HIS BODY BECAME WEAK THE TRUSTEES REQUESTED GURU PRAN TO SEND RATILAL TO HIS HOUSE FOR SOME DAYS SO THAT HE CAN BE PROPERLY NURSED RATILAL ACCEPTS HIS GURU S PRECEPT AND COMES HOME FATHER MADHAVJIBHAI TAUNTS HIM YOUR GURU SENT YOU BACK HIS MOTHER TAKES GOOD CARE OF RATILAL GIVES HIM PROPER FOOD AND SHOWERS HER LOVE ON HIM AND RATILAL QUICKLY REGAINS HIS HEALTH NOW RATILAL IS RESTLESS TO GO TO GURU PRAN

ONE WHO IS IN DIVINE LOVE FINDS NO REPOSE EVEN IN ALL LUXURIES AND COMFORTS ALL HE WANTS IS HIS GURU ONCE A SOUL ALL MATERIALISTIC PLEASURES AND RELATIONS IN THIS WORLD

> An enlightened being remains silent in front of ignorant beings. His silence speaks more than words of an ignorant person.

RATILAL WAS SO DEEPLY DEVOTED THAT HE EXPERIENCED CLOSENESS TO HIS GURU EVEN THOUGH HE WAS AWAY FROM HIM HIS FATHER MADHAVJIBHAI TELLS HIM THAT THEY ARE THINKING OF SENDING HIM TO MUMBAI THE HUSTLE BUSTLE OF MUMBAI WILL MAKE HIM FORGET HIS SPIRITUAL PATH

RATILAL FEELS LIKE A CAGED BIRD HE SAYS MOTHER I HAVE NOT BEEN BORN TO ENJOY WORLDLY PLEASURES BUT TO GAIN INNER PEACE AND LEAD OTHERS ONTO THE SPIRITUAL PATH I NEED YOUR CONSENT MOTHER

ON ANOTHER OCCASION HE ASKS WHAT WOULD WE DO IF OUR HOUSE CATCHES FIRE WHILE WE ARE IN IT MOTHER REPLIES THAT WE WOULD TRY TO GATHER ALL ARE VALUABLES AND LEAVE THE HOUSE

Ratilal: MOTHER JUST THINK THE FIRE OF DEATH IS ALREADY LIT AND THAT IS SLOWLY AND STEADILY MOVING TOWARDS ME AND I HAVE TO SAFEGUARD MY MOST INVALUABLE POSSESSION MY SOUL

THEN HE ASKS HIS MOTHER WOULD A BIRD LIKE TO LIVE IN A CAGE MADE OF GOLD WHERE ITS BEING FED WELL AND TAKEN GOOD CARE OR LIKE TO FLY FREELY IN THE SKY‡

Mother: SON WHO WOULD NOT LIKE TO BE FREE‡ EVERYBODY LIKES FREEDOM

WHEN ALL HIS PERSUASION MEETS WITH NO SUCCESS ONE DAY EARLY IN THE MORNING RATILAL QUIETLY ESCAPES FROM HIS HOUSE AND REACHES WHERE GURU PRAN IS

RATILAL EXPERIENCES HAPPINESS IN GURU S REFUGE

RATILAL STARTS LEARNING THE SCRIPTURES UNDER THE GUIDANCE OF HIS GURU

LEARNING IS A SEEKER S BREATH

RATILAL PONDERS WHY AM I STILL WANDERING IN THIS WORLD‡ WHY AM I WASTING MY PRECIOUS TIME IN ENJOYING WORLDLY PLEASURES‡

ON OBSERVING THE DESERVEDNESS OF RATILAL GURU PRAN TELLS HIM TO GET THE CONSENT OF HIS PARENTS FOR TAKING THE VOWS OF RENOUNCEMENT AND BECOMING AN ASCETIC

EXCITED RATILAL COMES BACK HOME EVEN AFTER PERSUASION HIS PARENTS DON T AGREE HE REMEMBERS HIS GURU S ADVICE RESOLVING TO ACHIEVE SOMETHING AND STAYING UNDETERRED RESULTS IN SUCCESS

RATILAL SITS QUIETLY IN A CORNER OF HIS HOUSE HE STOPPED INTAKE OF FOOD WATER AND REMAINS SILENT WITH HIS EYES CLOSED

INITIALLY HIS FATHER BECOMES ANGRY BUT LATER HE PUTS A CONDITION THAT IF THE GURU IS READY TO TAKE THE RESPONSIBILITY OF RATILAL S WELL BEING AND IF THEY SAY THAT HE IS DESERVING TO TAKE UP RENOUNCEMENT THEN I AM READY TO GIVE MY CONSENT RATILAL IS HAPPY HE IMMEDIATELY GOES TO GURU PRAN AND GETS HIS RECOMMENDATION LETTER

FATHER READS THE GURU S LETTER AND SIGNS THE CONSENT LETTER BUT HIS MOTHER IS SO ATTACHED TO HIM THAT SHE IS NOT ABLE TO GIVE HER CONSENT AFTER LOT OF PERSUASION HIS MOTHER REALIZES THAT RATILAL IS MORE INCLINED TOWARDS RENOUNCEMENT AND SO SHE AGREES TO SIGN THE CONSENT LETTER ONLY ON ONE CONDITION

Ratilal: WHAT IS YOUR STIPULATION MOTHER‡

Mother: YOU WILL COME TO ME WHEN I AM NEARING MY DEATH AND FACILITATE MY PIOUS DEATH SO THAT I ALSO CAN TAKE UP RENUNCIATION IN MY NEXT BIRTH RATILAL ACCEPTS HIS MOTHER S STIPULATION AND SHE SIGNS THE CONSENT LETTER SHE SHOWERS HER PIOUS BLESSINGS ON HIM

TO BE CONTINUED

# અમદાવાદમાં
## શાસન પ્રભાવના
## ૧૫,૦૦૦ થી વધુ ભાવિકો ધન્ય બન્યાં



શ્રી સીમંધર સ્વામી ભાવ દર્શન

અલ્પ સમયમાં જ આત્મિય બનેલાં રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. ના પાવન સાંનિધ્યમાં અમદાવાદની ગુજરાત યુનિવર્સીટીના વિશાળ જી.એમ.ડી.સી. હોલમાં આયોજિત મંત્રની શક્તિ અને સદ્‌ગુરુની સાધના સિધ્ધિને યંત્રમાં સંસ્થાપિત કરાવતું મહા પ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર યંત્ર પૂજન તથા વર્તમાનમાં મહા વિદેહ ક્ષેત્રમાં બિરાજમાન શ્રી સીમંધર સ્વામીના ભાવ દર્શન કરીને ઉપસ્થિત ૧૫,૦૦૦ થી વધુ સમુદાય સાથે સમસ્ત અમદાવાદના સ્થાનકવાસી જૈન સંઘો, રાજકોટ સ્ટેટના યુવરાજ માંધાંતા સિંહજી તથા રાજકોટ, ગોંડલ, મુંબઈ આદિ ગામોથી પધારેલાં ભાવિકો ધન્ય બન્યાં હતાં. આ અવસરે સાહિત્ય જગતના પદ્મશ્રી ડૉ. શ્રી કુમારપાળ ભાઈ દેસાઈ વિશેષ ભાવે પધાર્યા હતાં.

રાગ-દ્વેષ અને કષાયોથી મલિન બનેલાં મનનું સ્નાન કરાવી, સન્મતિ આપતી સાધના કરાવ્યા બાદ **'સો દુ:ખની વચ્ચે પણ હું સુખી'** વિષય પર મનનીય પ્રવચન આપતાં રાષ્ટ્ર સંત પૂજ્ય ગુરુદેવ શ્રી એ જણાવ્યું હતું કે, જો આપણો માર્ગ સાચો હોય તો સો દુ:ખની વચ્ચે પણ સુખની અનુભૂતિ કરી શકાય છે, સો વિરોધીઓની વચ્ચે પણ વિકાસ સાધી શકાય છે. યુવાનોને ધર્મના માર્ગે લાવવા સેવાનું કામ આપશો તો આવ્યા વિના રહેશે નહીં. જો સંઘ અને સમાજ પાસે વિઝન અને ભવિષ્યની યોજના હોય તો ઉપાસકોની સંખ્યા વધ્યા વિના રહે નહીં, ધર્મ કરતાં કરતાં ધર્મ પ્રત્યે અહોભાવ પ્રગટે અને અસત્‌ના માર્ગે ન જાય એવા સમાજનું નિર્માણ કરવા માટે જ અર્હમ યુવા ગ્રુપ અને લુક એન લર્ન જૈન જ્ઞાનધામની પ્રેરણા કરીએ છીએ.



મંગલકુંભ લાભાર્થીશ્રી પરાગભાઇ, શ્રી વિરેન્દ્રભાઇ, શ્રી હિતેનભાઇ

# અમદાવાદમાં પણ પવિત્રધામ સર્જાશે



શ્રી કમલભાઇ મહેતા



શ્રી કાંતિભાઇ કપાસી દ્વારા રાજુભાઇ શાહને અર્પણ



શ્રી વિજયભાઇશાહ પરિવારનું સન્માન




પ્રાણપુષ્પ વિમોચન કરતાં અમદાવાદના સંઘ પ્રમુખો



મંગલકુંભ લાભાર્થી શ્રી મિતેશભાઇ શેઠ

ધર્મ પ્રત્યે પ્રેમ હોય તેને જ ધર્મ માટે કંઈક કરવાનું મન થાય. આ અવસરે શ્રી મહેશભાઈ અંબાવીએ સહુનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું જ્યારે લુક એન લર્ન - અમદાવાદના બાળકો અને દીદીઓએ નૃત્ય દ્વારા પોતાના ભાવોની અભિવ્યક્તિ કરી હતી.

ડૉ. શ્રી કુમારપાળભાઈ દેસાઈએ પૂજ્ય ગુરુદેવની ત્રણ વિશેષ શક્તિની પ્રશસ્તિ કરતાં જણાવ્યું હતું કે પ્રાણપુષ્પમાં એમની ગ્રંથ શક્તિનો પરિચય પ્રાપ્ત થાય છે, શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનો બ્રહ્મનાદ જે આપણા આત્માને સ્પર્શ કરે છે, એમાં એમની મંત્ર શક્તિના દર્શન થાય છે જ્યારે શાસનની ઉન્નતિ અને અનુભૂતિ યુક્ત પ્રભાવક જ્ઞાનવાણીમાં એમની આત્મશક્તિનો અનુભવ થાય છે.

પૂજ્ય ગુરુદેવ પ્રેરિત અને માર્ગદર્શિત સચિત્ર-રંગીન માસિક મેગેઝીન પ્રાણપુષ્પનું લોકાર્પણ ઉપસ્થિ સંઘ પ્રમુખો શ્રી કમલભાઈ મહેતા (સાંઈબાગ), શ્રી વસંતભાઈ શાહ (વાસણા), શ્રી દીપકભાઈ શેઠ (સૌરાષ્ટ્ર સ્થા. જૈન સંઘ), શ્રી જયકાંતભાઈ બગડીયા (મણીનગર સંઘ), શ્રી જયેશભાઈ શાહ (અંકુર ઉપાશ્રય), શ્રી મહેશભાઈ અંબાવી (વસ્ત્રાપુર),



શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર યંત્ર પૂજન



પદ્મશ્રી ડૉ.કુમારપાળભાઇ દેસાઇ



શ્રી દીપકભાઇ શેઠ

શ્રી ભરતભાઈ પાટડીવાળા (ધર્માલય) આદિ એ કર્યું હતું.

પ્રેરણાતીર્થ દેરાસરના ટ્રસ્ટી શ્રી વિજયભાઈ શાહ એ, પાવનધામના નિર્માણ માટે, ગુરુ ચરણે ભૂમિદાન અર્પણ કરતાં હર્ષનાદ છવાઈ ગયો હતો.

શ્રી કાંતિભાઈ કપાસીએ ફ્રેમ દ્વારા પોતાની ભક્તિ અર્પણ કરી હતી, જેની ઉછામણીના ૧૮ લાખ, પૂ. ગુરુદેવની પ્રેરણાથી જીવદયામાં વાપરવામાં આવશે.

મહા પ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર જપ-સાધનાથી અભિમંત્રિત પ્રથમ કળશનો લાભ શ્રી મિનેશભાઈ શેઠે લીધો હતો, જ્યારે દ્વિતિય કળશનો લાભ એક કરોડ આઠ લાખમાં મુંબઈ અને ચેન્નઈના ત્રણ ગુરુભક્તોએ અને એ લીધો હતો.

પૂ. ગુરુદેવ શ્રી એ સર્વને સ્વયંની સાધના શક્તિથી સમૃધ્ધ માળા અર્પણ કરી હતી અને અમદાવાદના ભાવિકોના એક અનજાન સંત પ્રત્યેના પ્રેમ, ભાવ, ભક્તિ અને સ્વીકારભાવનાની પ્રશસ્તિ કરી હતી. નિ:સ્વાર્થ ભાવે સેવા આપનાર શ્રી નિલેશભાઈ ટીમ્બડીયા, શ્રી શીલુબેન શેઠ તથા શ્રી જયેન્દ્રભાઈ ઝાટકીયાની સેવા ભાવનાનું સન્માન કર્યું હતું.

અમદાવાદમાં લુક એન લર્ન, અર્હમ યુવા ગ્રુપ અને પાવનધામનું નિર્માણ થતાં અમદાવાદના ભાવિકોના ચહેરા પર અનેરી પ્રસન્નતા હતી, તો બીજી તરફ પૂ. ગુરુદેવના વિહારથી વેદના હતી.

આ પ્રસંગે સર્વ એ સ્વામી વાત્સલ્યનો લાભ લીધો હતો.

# ચોટીલા

## સમજ હોય એ સમાજ કહેવાય

**ચોટીલા** પધારેલાં પૂ. શ્રી નમ્રમુનિ મ.સા. એ સભાને સંબોધતા જણાવેલ કે, સમાજ એ જ કહેવાય જેમાં સમજ હોય... સંતો પધારતાં હોય ત્યારે જે સંતની આગળ ચાલે છે ત્યારે ચાલવાથી ઉડતી રજ સંતના માથા પર પડે છે, સંતની પાછળ ચાલવાથી સંતના પગની રજ ઉડીને ભક્તના મસ્તક સુધી પહોંચે છે. કેટલાંક મોટા શ્રાવકો ગુરુઓની પણ આગળ ચાલીને કહેતા હોય છે, અમારી રજ સંતો માથે ચડાવે છે.

સમાજની સમજ આપતાં પૂજ્ય શ્રી નમ્રમુનિ મ.સા. એ જણાવેલ કે, જેમાં શિસ્ત ન હોય તે ટોળું કહેવાય છે, શિસ્ત હોય તે સજ્જનનો સમાજ હોય છે.

# લીંબડી

રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. ઠાણા-૨ લીંબડી પધારતાં લીંબડી અજરામર સંપ્રદાયના પૂજ્ય શ્રી ભાવચંદ્રજી મ.સા. ના શિષ્યો પૂ.શ્રી વિવેકમુનિ મ.સા. અને પૂ.શ્રી વિમલમુનિ મ.સા. એવમ્ સતીવૃંદે આત્મિય ભાવે આવકાર આપી સંપ્રદાયના ઇતિહાસનો પરિચય આપ્યો હતો.

પ્રમુખ શ્રી ભરતભાઇ ડેલીવાળાએ ભાવભર્યું સ્વાગત કર્યું હતું. આ અવસરે પૂજ્ય ગુરુદેવશ્રી એ અમદાવાદની સ્થિરતા દરમ્યાન પૂજ્ય. શ્રી ભાસ્કરમુનિ મ.સા.ના સ્નેહ મિલન અને સાંનિધ્યના સ્મરણ સાથે આચાર્ય પૂ.શ્રી ભાવચંદ્રજી મ.સા.ની ભાવના પ્રત્યે ઉપકાર ભાવ વ્યક્ત કર્યો હતો.

વડોદરાના બે ચાતુમાર્સ દરમ્યાન પૂજ્ય ગુરુદેવશ્રી ની માતૃતુલ્ય વાત્સલ્યભાવે સેવા અને વૈયાવચ્ચ કરનાર ગુરુભક્ત શ્રી વિનુબેન શાહ ની સેવાને સ્મરણમાં લાવી પૂજ્ય ગુરુદેવ શ્રી એ જણાવ્યું હતું કે, વીનુમાડી એક એવા માડી હતાં, જેમની આંખોમાં સંતો અને સતીજીઓ પ્રત્યે મમતા ભર્યું વાત્સલ્ય હતું, જેમના હૃદયમાં સંપ્રદાયના ભેદભાવ વિના સર્વની સંભાળની ભાવના હતી.

જેમનું જીવન સરળ અને ધર્મમય હોય એમનું મૃત્યુ થાય છે પણ પ્રેમ અને લાગણી રૂપે સદાય જીવંત રહે છે.

# સૅટેલાઈટ

## પ્રેરણાતીર્થ દેરાસર

ભગવાન મહાવીરના ઉપદેશને સાંભળનારા અનેક મળે છે પરંતુ યથાર્થ સમજનારા ઓછા હોય છે. જૈન ધર્મના અનેક પંથો વિશે ટકોર કરતાં મુનિશ્રી એ જણાવેલ કે **પંથનો આદર શ્રેષ્ઠ છે પણ પંથનો આગ્રહ અધર્મ છે.** જૈન સમાજની એકતા સહજ થવી જોઇએ કારણ મૂળ મંત્ર સર્વનો નવકાર છે અને ફળ સર્વનું મોક્ષ છે. મૂળ અને ફળ દરેક ફિરકાના એક છે માટે એકતા શ્રેષ્ઠ છે.

આ તકે પૂજ્ય મુનિશ્રીએ મૂર્તિપૂજક સંપ્રદાયના અનેક આચાર્યો સાથે સદ્ભાવના સાથે અનેક પ્રસંગોએ સાથે કરેલ કાર્યક્રમનો ઉલ્લેખ કરતાં આચાર્ય દેવ રાજયશસુરિશ્વરજી મ.સા., પૂ. શ્રી જયશેખરજી મ.સા., પૂ. શ્રી ચંદ્રશેખર મ.સા, પૂ. શ્રી દેવરત્નસાગરજી આદિ સંતોનો ઉલ્લેખ કરેલ.

પ્રેરણાતીર્થ દેરાસરના પ્રમુખ શ્રી વિજયભાઇ વારીયા એ રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. પ્રત્યે અહોભાવના દર્શાવીને પોતાના પ્રેરણાવિરાજ સંકુલમાં પોણા બે કરોડ રૂ. ના અનુદાન સાથે પોતાના પિતાશ્રીની કાયમી સ્મૃતિ માટે દાન જાહેર કરતા ધર્મ સભામાં હર્ષ હર્ષનો જય નાદ થયેલ. રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. સંપ્રદાયિક સંકુચિતતાથી પર થયેલા સંત હોવાનો ટ્રસ્ટી શ્રી કિરણભાઇએ ઉલ્લેખ કરેલ.

*ધનને આગળ રાખે છે એ વર્તમાનમાં સુખી અને અંતે દુઃખી હોય છે.*

*ધર્મને જે આગળ રાખે છે એ વર્તમાનમાં પણ સુખી અને અંતે પણ સુખી હોય છે.*

# રાજકોટમાં રાષ્ટ્ર સંત પૂ.

# ભવ્ય સ્વાગ



સાધુ-સાધ્વીના વેશમાં લુક એન લર્નના બાળકો

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. જન્મ શતાબ્દી સ્મૃતિ એવમ્ સવા ચારસો વર્ષીતપ આરાધકોના પારણા અવસરે રાજકોટ પધારતાં રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. એવમ્ સ્વાધ્યાય પ્રેમી પૂ.શ્રી પિયુષમુનિ મ.સા.ના આગમનને રાજકોટના હજારો ભાવિકો અને રાજકોટ બિરાજીત વિશાળ સંખ્યાના સંત-સંતીજીઓએ પ્રેમ અને અહોભાવથી વધાવ્યાં હતાં.

તપસમ્રાટ તીર્થધામથી વિહાર કરી પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.ઠા.૨ સદર ઉપાશ્રય પધારતાં સંયમ વરિષ્ઠા પૂજ્ય શ્રી ગુલાબબાઇ મ., અપૂર્વ શ્રુત આરાધિકા પૂ.શ્રી લીલમબાઇ મ. આદિ સતીજીઓએ અહોભાવ સાથે ભાવભર્યું સ્વાગત કર્યું હતું. પૂજ્ય ગુરુદેવ શ્રી પ્રેરિત સાધક આત્માઓએ તપસમ્રાટ જન્મ શતાબ્દી સ્મૃતિ પત્રિકા અર્પણ કરતાં પૂજ્ય ગુરુદેવની ૧૦૮ સંયમ સાધકોની ભાવનાને બિરદાવી હતી અને જણાવ્યું હતું કે શાસનની પ્રભાવના કરવા માટે જબરદસ્ત પુણ્ય જોઇએ,




લુક એન લર્ન અને અર્હમ યુવા ગ્રુપના બાળકો અને યુવાનો સાધુવેશમાં સ્વાગત કરતાં.

# ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.નો
# ાત સમારોહ

જે પૂ.શ્રી નમ્રમુનિ મ.સા. પાસે છે અને એ શાસનની પ્રભાવના પણ કરી રહ્યાં છે.

જ્યારે પ્રથમ નાગરિક મેયર શ્રી જનકભાઇ કોટકનાં બંગલે વડીલ ગુરુભગવંત ગોંડલ ગચ્છ દિવાકર પૂજ્ય શ્રી ગીરીશચંદ્રજી મ.સા. એ પૂજ્ય ગુરુદેવને આવકાર્યા હતાં, અને શ્રી જનકભાઇએ સર્વનું ભક્તિભાવે ભવ્ય સ્વાગત કર્યું હતું. ગુરુભક્ત શ્રી નરેન્દ્રભાઇ દોશીને ત્યાં પગલાં કરી, શાસન ચંદ્રિકા પૂ.શ્રી હીરાબાઇ મ. આદિને દર્શનનો લાભ આપી, નાલંદા ઉપાશ્રય પૂ.શ્રી ઇન્દુબાઇ મ. તીર્થધામ પધારતાં પૂજ્ય ગુરુદેવશ્રી એ પૂ.ઇન્દુબાઇ મ.ની મહાનતા, ઉદારતા અને ગુણોનું સ્મરણ કરતાં ઉપસ્થિત સર્વની આંખો અશ્રુભીની થઇ ગઇ હતી. સકલ સંઘની નૌકારશી બાદ ચતુર્વિધ સંઘની સ્વાગત શોભા યાત્રા જૈનમ્ જયંતિ શાસનમ્‌ના નાદ સાથે પ્રારંભ થઇ હતી.

શુકનવંતા મંગલ કુંભ ધારક બહેનો, અષ્ટ મંગલ દ્વાર મંગલ ભાવો દર્શાવતી કુમારીકાઓ, ગુરુ અમૃતવાણીના ધ્વજ લહેરાવતાં લુક એન લર્ન જૈન જ્ઞાનધામના નાના નાના બાળકો, જય જય ગુરુદેવના નાદથી રાજકોટના રાજમાર્ગોને ગુંજવતા અર્હમના યુવાન અને વિશાળ સંખ્યામાં જૈન-અજૈન ભાવિકો સ્વાગત યાત્રાની શોભા હતાં, જ્યારે પૂજ્ય ગુરુદેવ શ્રી ની ૧૦૮ સંયમ સાધકોની પ્રેરણા ભાવનાના પ્રતિક રૂપ સાધુ-સાધ્વીના વેશમાં ૧૦૮ બાલક-બાલિકાઓ આ યાત્રાનું ગૌરવ હતાં.

સમસ્ત રાજકોટના જૈન સંઘો, શ્રેષ્ઠીવર્યો, ઉદ્યોગપતિઓ, અગ્રણી મહાનુભવો, બહારગામથી પધારેલાં સંઘો અને મહેમાનો સ્વાગત યાત્રાની અનેરી શાન હતાં. અનેરૂં અદ્‌ભૂત દૃશ્ય સર્જતી સ્વાગત શોભા યાત્રા જલારામ-૨ ના વિશાળ પટાંગણમાં પહોંચતા સમસ્ત રાજકોટ સ્થાનકવાસી જૈન સંઘોના ઉપક્રમે આયોજિત સ્વાગત સમારોહ યોજાયો હતો.

ગોંડલના શ્રી પ્રવિણભાઇ કોઠારીએ સર્વનું ભાવભર્યું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે પૂ.નમ્રમુનિ મ.સા. અજોડ શકિત અને ગૌરવવંતી કીર્તિના સ્વામી છે, એ જ્યાં જાય ત્યાં આવતી કાલને ઉજ્જવળ બનાવતું વાતાવરણ સર્જે છે.

પૂ. ગુરુદેવશ્રીએ ઉપસર્ગ નિવારક મહાપ્રભાવક શ્રી



જય જયનો નાદ ગુંજવતો સમુદાય

ઉવસગ્ગહર સ્તોત્રનો બહ્મધ્વની રેલાવતાં વાતાવરણમાં અનેરી દિવ્યતા અને પોઝીટીવ પરમાણુઓ વ્યાપ્ત થઇ ગયાં હતાં. પૂ.શ્રી ગીરીશમુનિ મ.સા.એ, પૂ.શ્રી નમ્રમુનિ મ.સા. નું આત્મિક ભાવે સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, એમની સમાજ ઉત્કર્ષની ઉત્તમ ભાવના માટે અંતરથી આર્શીવાદ આપું છું અને સંઘને ઉદ્દેશીને કહ્યું કે, સંઘ એ જ કહેવાય જે બધાંને સાથે રાખે, એક રાખે.

પૂ.શ્રી અમિતાબાઇ મ. એ જણાવ્યું હતું કે, જેમણે ક્ષણે ક્ષણની કિંમત હોય તે જ દરેક ક્ષણનો ઉપયોગ કરી, દરેક ક્ષણને સાધી શકે છે અને અકલ્પનીય પ્રગતિ કરી શકે છે. મારા-પરાયાનો ભેદ ભૂંસાશો તો જ સમય અનુસારનું પરિવર્તન શક્ય બનશે. પૂ.શ્રી સ્મિતાબાઇ મ. સે જણાવ્યું હતું કે, વાદ-વિવાદથી 'પર' થઇ સંઘ અને સમાજ જો એક થશે તો જ વિશ્વફલક સુધી પહોંચી શકશે. શ્રી સોનલબાઇ મ. એ મહાવીર જયંતિની એક થઇને ઉજવવાની ભાવના ભાવી હતી. કાઠીયાવાડ જૈન સમાજ-અમદાવાદના શ્રી મહેશભાઇ અંબાવીએ પૂ.ગુરુદેવ શ્રીને અમદાવાદ પુનઃ પધારવાની વિનંતિ કરતાં જણાવ્યું હતું કે,પૂ.ગુરુદેવે અમને ભક્તિનો માર્ગ બતાવ્યો છે અને સંતોની સેવા વૈયાવચ્ચનું માર્ગદર્શન આપ્યું છે.

**શ્રી કાંતિભાઇ લાધાભાઇ શેઠ પરિવાર આયોજિત ગૌતમ પ્રસાદનો સહુએ લાભ લીધો હતો.**




# પાવનતાની પ્રતીતિ

ધર્મ નગરી રાજકોટમાં પાવન પ્રવેશ પહેલાં... તપસમ્રાટ તીર્થધામમાં આત્મિય વ્યક્તિત્વના આત્મિક દર્શન અને એ દિવ્ય આત્મા સાથે અનુસંધાન કરતાં પાવન પ્રતીતિના અહેસાસ સાથે રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવશ્રીએ જણાવ્યું હતું કે તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રીમાં એવું શું હતું જે પારકા પણ પોતાના બની જતાં, અજાણી વ્યક્તિ પણ આત્મિય બની જતી ! એવું અજબ ગજબનું મેગ્નેટિક તત્ત્વ હતું જે એમની આંખને નિહાળતાં જ એમના બની જતાં.

કેટલીક વ્યક્તિનું વ્યક્તિત્વ જ એવું હોય, જે અલ્પ સમયના સાંનિધ્યમાં પણ જીવનભર આંખો, હૃદય અને આત્મપ્રદેશમાંમાં છવાઇ જાય, જેમનાથી એક ક્ષણ માટે પણ દૂર થવાનું મન ન થાય. એ પ્રેમ... એ વાત્સલ્ય... એ આત્મિયતા... એ અનુભૂતિ... યાદ કરવા જ ન પડે... એ ક્યારેય ભૂલાય જ નહી...!!

સત્પુરુષો હંમેશાંને માટે ઋણાનુબંધવાળા હોય છે, જેમનું એમની સાથે પરમ ઋણાનુબંધ હોય તેને એમના પ્રત્યે અકારણ પ્રેમ, શ્રધ્ધા, ભાવ અને ભક્તિ સહજ પણે અંતર આત્મામાંથી પ્રગટવા લાગે.

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રી એક એવું વિરાટ વ્યક્તિત્વ હતાં, જેમને પ્રેમ કરવાનું કોઇ પણ કારણ વામન જ લાગે. એ એવા પાવન વ્યક્તિ હતાં, જેમની પાવનતાની પ્રતીતિ આજ ૧૪ વર્ષ પછી પણ આ ભૂમિને સ્પર્શતાં જ અનુભવાય છે, આ ભૂમિના કણકણમાં એમના પાવન અને પોઝીટીવ વાઇબ્રેશન્સ અનુભવાય છે.

આ અનુભૂતિના અહેસાસ સાથે એમના ચરણકમલમાં ભાવવંદન કરીએ.

### આયંબિલ ઓળી અર્થે પધારતાં ગુરુ ભગવંતોનું

# રોયલ પાર્ક ઉપાશ્રયમાં ભવ્ય સ્વાગત

રાજકોટ નગરની શાન સમા રોયલ પાર્ક ઉપાશ્રયમાં ગોંડલ ગચ્છ દિવાકર પૂ.ગુરુદેવ શ્રી ગીરીશમુનિ મ.સા. ઠાણા-૨ એવમ્ રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂ.ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. ઠાણા-૨ તથા સાધ્વી રત્ના પૂ.શ્રી સુમતિબાઇ મ. પૂ. શ્રી ભદ્રાબાઇ મ. પૂ. શ્રી મિનલબાઇ મ. પૂ. શ્રી સાધનાબાઇ આદિ સતીવૃંદ પધારતાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવેલ.

રાષ્ટ્ર સંત પૂ.ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.એ ઉજ્જવલ ગુરુ પરંપરાના ગુરુ ભગવંતોના સ્મરણ સાથે ફરમાવ્યું હતું કે સંતનો યોગ સદ્ભાગ્ય હોય તેને જ સાંપડે છે. સ્થાનકવાસી જૈન સમાજ સંત-સતીજીઓથી ટક્યો છે. પરમ પ્રતાપી ધુરંધર સંતો વણ ખેડેલી આત્મધરાવાળા ક્ષેત્રોને એમની પ્રભાવક જ્ઞાનવાણીથી ખેડી, સંસ્કારના બીજ વાવે છે અને ગચ્છની ગરિમાને વધારે છે.

ગુરુ ભગવંતોના સ્વાગત અવસરે શ્રી પ્રવિણભાઇ કોઠારી, શ્રી ટી.આર દોશી, શ્રી અશ્વિનભાઇ કુંભાણી, શ્રી પ્રવીણભાઇ ગોડા, શ્રી અશોકભાઇ, શ્રી સુરેશભાઇ કામદાર, શ્રી માણેકભાઇ આદિ મહાનુભવો ભક્તિભાવે પધાર્યા હતાં.


UNIVERSAL
Earthing Systems
One & Only PATENTED Safe Earthing Electrode
UES Brand Earthing Electrodes & Mineral Filling Compund are tested & accepted by :
Various Industries & Govt. Departments
Providers of Advanced
Earthing Systems
for every Earthing requirements
Safety & Protection From Electrical Hazards
Longer Life
Easy to Install
Maintenance Free
Space Saving
Consistent Performance
Single Product Solution
Copper Bonded Steel Rods
UES brand are now...
UL LISTED
AN ISO 9001 - 2008
CERTIFIED COMPANY
UES Brand
It's Never Late Consider Safety First...
Universal Earthing Systems Pvt. Ltd.
Manufacturers of Maintenance Free Safe Earthing Electrodes & Chemical Mineral Filling Compound
I - 12, V.C.I. Estate, Errukancherry High Road, Sharma Nagar, Vyasarpadi, Chennai - 600039.
e-mail: ueschennai@yahoo.com,ueschennai@gmail.com. Phone: 91-44-25513481,42817271.
Visit us at :
www.ues.in
U E S
UES


A ABHISHEK
MODULAR KITCHEN AND ACCESSORIES
Trusted for Years
with quality, reliability and Elegance
Quality Kitchens
• Modular Kitchen • Kitchen Cabinets • Kitchen Hardware • Kitchen Accessories
B-18, Green View, Ramdas Nagar, Near Water tank, Navghar, Vasai (E),
Dist. Thane. 401210 (M.S.)Tel : 0250 - 2393980, Cell :922 511 0621, 932 193 1310
abhishekmodularsystem@gmail.com

# ...ત્યારે કેદીઓની આંખમાં આંસુ આવ્યા.!

સારા સંસ્કારોના વાવેતરના લક્ષ્ય સાથે, ભગવાન મહાવીર જન્મ કલ્યાણક ને સત્કાર્યો દ્વારા સાર્થક બનાવવાની ભાવના સાથે તા. ૨૨/૪/૨૦૧૩ના રોજ રાજકોટની મધ્યસ્થ જેલમાં રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂ.ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. એ કેદીઓને પોઝીટીવ અને પ્રેરણાત્મક સદ્‌બોધ આપી જૈન સમાજમા નવો ઇતિહાસ સર્જ્યો.

રાજકોટના શ્રેષ્ઠીવર્યો, ભક્તો, જેલના ટ્રસ્ટીઓ અને ૧૨૫૦ કેદીઓને સૂત્રો દ્વારા સદ્‌બોધ આપતાં રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂ.ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. એ જણાવ્યું હતું કે, મનને જ્યાં શુધ્ધ કરવાની તક મળે તે સ્થાન મંદિર કહેવાય. જ્યાં પોતાની ભૂલને સુધારવાની  તક મળે તે સ્થાન મંદિર કહેવાય. દરેક ભૂલ સમજી ને નથી થતી, ક્યારેક ભૂલથી કે સંયોગોના કારણે પણ ભૂલ થઇ જાય છે. જેલ એ સ્થાન છે જ્યાં તમને, તમને મળવાની તક મળે છે, સુધરવાની અને પરિવર્તન લાવવાની તક મળે છે.

પોતાની ભૂલને ગુનો માની નેગેટીવ બની જતાં કેદીઓને સંબોધી પૂજ્ય ગુરુદેવશ્રીએ સમજાવ્યું હતું કે, દુનિયા તમારી ભૂલને માફ કરે કે ન કરે, એકવાર તમે તમારી ભૂલને સાચા હૃદયથી, પસ્તાવાના ભાવ સાથે માફ કરી દેશો તો તમારી નેગેટીવીટી પણ દૂર થઇ જશે અને સમાજ પણ તમને સ્વીકારી લેશે. ભૂલનું પુનરાવર્તન ન થાય એ જ સૌથી મોટામાં મોટી માફી છે.

જેલમાં જ્યારે ઘરની યાદ આવે ત્યારે સ્વીકારભાવ સાથે જ્યાં છો તેને જ ઘર બનાવી લ્યો, અશાંતિ દૂર થઇ જશે. બધાં સાથીઓ સાથે મૈત્રીભાવ કેળવી લ્યો.

પોતાની સજા માટે ક્યારેય બીજાને ગુનેગાર ન માનવા, જ્યાં સુધી જે બીજાને ગુનેગાર માને છે ત્યાં સુધી તે દુ:ખી થાય છે.સમાજમાં કોઇપણ વ્યક્તિની ભૂલથી ભૂલ થઇ જાય તો તે માફ કરવા યોગ્ય હોય છે અને સમજીને ભૂલ કરે તે સજાને યોગ્ય હોય છે.

કેદીઓને મનને શુધ્ધ અને શાંત કરાવતી ધ્યાન સાધના કરાવતાં સહુના ચહેરા પર સંતોષ સાથે પ્રસન્નતા છવાઇ ગઇ હતી.

અધિકાર મળ્યાં પછી પણ અધિકાર ન ભોગવે તે જ બધાંનો પ્રેમ મેળવી શકે અને જે બીજાનો પ્રેમ જીતી શકે તે જ પરમાત્માના પંથે પહોંચી શકે,આ ભાવો સાથે ૧૨૫૦ કેદીઓને પ્રેમથી સંભાળતા જેલના પદાધિકારીઓની પ્રેમભાવનાનું સન્માન કર્યું હતું. અને કેદીઓને સાધના શક્તિથી સમૃધ્ધ પોઝીટીવ બનાવતી માળા આપી હતી.

પ્રવચનના એક એક શબ્દો કાનમાં પડતાં જ કેદીઓની આંખો માંથી પસ્તાવાના આંસુની ધાર વહેવા લાગી હતી.

શ્રી મનોજભાઇ ડેલીવાળા અને શ્રી ઉપેનભાઇ મોદીના સહયોગથી યોજાયેલ આ કાર્યક્રમમાં શ્રી ડોલરભાઇ કોઠારી, શ્રી ભાવેશભાઇ શેઠ, શ્રી અશ્વિનભાઇ કુંભાણી, શ્રી કમલેશભાઇ શાહ, શ્રી અનિલભાઇ દેસાઇ, શ્રી સુરેશભાઇ કામદાર, શ્રી કીરીટભાઇ શેઠ, શ્રી શીરીષભાઇ બાટવીયા આદિ રાજકોટના અગ્રણીઓ તથા જેલના પદાધિકારીઓ શ્રી અરૂણભાઇ વ્યાસ, એલ.બી.પરમાર, શ્રી એમ.એસ રાંદેરિયા, શ્રી ગમારા સાહેબ, શ્રી દલાલ સાહેબ આદિ સહિત અને શ્રી અર્હમ યુવા ગ્રુપ અને લુક એન લર્ન જૈન જ્ઞાનધામના દીદીઓ અને બાળકો ઉપસ્થિત રહ્યાં હતાં. આ અવસરે કેદીઓ માટે દસ સિલાઇ મશીન અર્પણ કરવામાં આવેલ.

રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવ પ્રેરિત આ આયોજન ઐતિહાસિક અને યાદગાર બન્યું હતું.



જેલના પદાધિકારીઓ


કેદીઓને સદ્બોધ વચન


ભૂલનું પુનરાવર્તન નહીં થાય


અહોભાવ સાથે માળા સ્વીકાર

# ઉપકારક વચન

લાઇફમાં ગુડલક અને પરિશ્રમનો રેશિયો ૮૦-૨૦% હોય છે.

લક થી વધારે જે ડીમાન્ડ કરે તેના સેલ્ફ રીમાન્ડ શરૂ થઇ જાય.

જેને ભૂલવા જેવું ભૂલતાં આવડે અને યાદ રાખવા જેવું યાદ રાખતાં આવડે તે ક્યારેય દુ:ખી ન થાય.

બેડ મેમરીઝને ડીલીટ કરવા અને ગુડ મેમરીઝના સ્ટોકને વધારવા મેડીટેશન બેસ્ટ છે.

જેમ એક્સપ્રેસ ટ્રેઇન નાના સ્ટેશન પર ઊભી ન રહે, તેમ જીંદગીમાં પણ નાની નાની ઘટનાઓને નગણ્ય કરવી જોઇએ.

આપણા દરેક કાર્ય એવા હોવા જોઇએ જે આપણા નામની કદર કરતાં હોય.

# જેની પાસે હાથ નથી,
# તેના માટે હાથ લાંબો કરું છું

રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂ.શ્રી નમ્રમુનિ મ.સા

ભગવાન મહાવીર જન્મોત્સવની ઉજવણી અંતર્ગત રાજકોટમાં યોજાયેલ જીવદયા મહોત્સવમાં વિશાળ સંખ્યામાં ભક્ત સમુદાયે ઉપસ્થિત રહીને ''ભગવાન મહાવીર કા એક સંદેશ-'જીઓ ઔર જીને દો નો નાદ ફેલાવતા અનેરૂ ભક્તિમય વાતાવરણ છવાયું હતું.

ભગવાન મહાવીર જન્મોત્સવની ઉજવણી અંતર્ગત ગોંડલ ગચ્છ દિવાકર પૂ.શ્રી ગિરીશચંદ્રજી મ.સા.ના સુશિષ્ય શ્રી સુશાંતમુનિ મ.સા., શ્રી નમ્રમુનિ મ.સા.ના શ્રીમુખેથી માંગલિક શ્રવણ બાદ ભગવાન મહાવીર ચોક (એસ્ટ્રોન ચોક) થી લુક એન લર્ન જૈન જ્ઞાનધામના બાળકો, મહિલા મંડળો, જૈન સંઘો,જૈન સોશ્યલ ગ્રુપ, જૈન જાગૃતિ સેન્ટર, અર્હમ યુવા ગ્રુપ અને વિશાળ સંખ્યામાં જીવદયા પ્રેમી સંસ્થાઓ સાથે શ્રાવક-શ્રાવિકાઓ ઉમટી પડતા ભગવાન મહાવીરનો જય-જયકાર છવાયો હતો.

આ અવસરે યોજાયેલ જીવદયા યાત્રાના મંગલ પ્રારંભે રાજકોટના મેયર શ્રી જનકભાઇ કોટક આદિએ વહેલી સવારે ૭:૦૦ વાગે ઉપસ્થિત રહીને અભિવાદન કરેલ,જ્યારે જીવદયા પદયાત્રા આગળ વધતા **પૂ.શ્રી ઇંદુબાઇ મ. ચોકમાં વ્હોરા સમાજે સ્વાગત કરેલ.**આ પ્રસંગે શ્રી ભદ્રાબાઇ મ., શ્રી સુમતિબાઇ મ., શ્રી સાધનાબાઇ મ., શ્રી મિનળબાઇ મ., શ્રી હસ્મિતાબાઇ મ. આદિ વિશાળ સતીવૃંદ ઉપસ્થિત રહેલ.

રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂ.શ્રી નમ્રમુનિ મ.સા.ની ''જીવદયાનું કાર્ય મહત્તમ થાય અને અબોલ જીવોના આશીર્વાદ મળે'' ની ભાવના સાથે પ્રારંભ થયેલી પદયાત્રામાં હજારો જીવદયા પ્રેમીઓ અને ભાવિકો જોડાયા હતાં.

જીવદયા પદયાત્રા જલારામ-૨ ના ભગવાન મહાવીર પટાંગણમાં હોલ પહોંચતા ખીચોખીચ ભરાયો



હતો. આ અવસરે શ્રી પ્રવીણભાઇ કોઠારી અને શ્રી ચંદ્રકાંતભાઇ શેઠે સ્વાગત પ્રવચન આપેલ, જ્યારે પૂ.શ્રી સુશાંતમુનિ મ.સા. એ મંગલાચરણથી કાર્યક્રમ શરૂઆત કરેલ.

આ અવસરે રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂ.શ્રી નમ્રમુનિ મ.સા. એ જણાવેલ કે, દુષ્કાળના વર્ષમાં અબોલ જીવોની વેદના અમારા હૃદયને હચમચાવતી હતી એટલે રાજકોટમાં જીવદયા મહોત્સવ રૂપે મહાવીર જયંતિ ઉજવવા પ્રેરણા આપેલ. જીભદયા ન પાળનાર જ અબોલ જીવ બને છે અને તેની જીવદયા પાળવી તે સર્વનું કર્તવ્ય છે. આ અવસરે પૂજ્ય શ્રી નમ્રમુનિ મ.સા.એ પધારેલા સંતોને પ્રેમભર્યો આવકાર આપતા જણાવેલ કે સંત સર્વને નજીક લાવે છે અને મનમાં તંત હોય તે નજીકનાને દૂર કરે છે. ભગવાન મહાવીર જન્મોત્સવ ઉજવાય અને સર્વધર્મ સમુદાયના સંતો પધારે તે જૈન સમાજનું ગૌરવ છે.

ખાસ આ પ્રસંગે વ્હોરા સમાજના જોરર કાર્ડસવાળા શ્રી યુસુફભાઇએ કહેલ કે, જીવદયાનું અભિયાન આખા દેશમાં ફેલાય તેવી ભાવના અને જૈન સંતો પ્રત્યે અહોભાવ પ્રગટ કર્યો હતો.

મુસ્લિમ સમાજના શ્રી સિકંદર બાપુએ જણાવેલ કે, મજહબ નહીં સીખાતા આપસ મેં બૈર રખના, ગુજરાતમાં આ મૈત્રીનો માહોલ સદા છવાયેલો રહે. તમને નડે તેનું પણ ધ્યાન રાખો. ડંખતા વિંછીનું ધ્યાન રાખવું અને બચાવવો.

## : ૪૦૦૦ લોકોએ માંસાહાર ન કરવા પ્રતિજ્ઞા કરી :

सव्वे जीवा वि इच्छंति
जीविउं ण मरिज्जिउं

# मित्ति में सव्व भूएसु...

## —: જીવદયા મહોત્સવ રૂપે ઉજવાતા ૧ કરોડનું ફંડ અબોલ જીવોની આંતરડી ઠારશે :—

શ્રી પરમાત્માનંદ સરસ્વતીજીએ જણાવેલ કે, પોતાને બીજાની જગ્યાએ રાખશો તો તમે દરેકને સહાયરૂપ બની શકશો. ભગવાન શ્રી કૃષ્ણ કહે છે બીજી કોઇ સાધના ન થાય તો બીજાને સહાયરૂપ બનો.કેટલાક લોકો ઊંધા હોય, બીજાના દુ:ખે સુખી થાય. ભાજપનાં શ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાત સરકાર તરફથી જીવદયા માટે શુભેચ્છા પાઠવેલ. પ્રસંગને અનુરૂપ શ્રી મિત્તલ ખેતાણીએ પોતાના ભાવ દર્શાવ્યા હતા.

પૂજ્ય શ્રી નમ્રમુનિ મ.સા. એ જીવદયાની ટહેલ નાંખતા ૧ કરોડ જેવી માતબર રકમના અનુદાન આવતા જીવદયા પ્રેમી સંસ્થાએ અનેરા ઉમંગ,ઉલ્લાસ સાથે નવતર પ્રયોગની સફળતા અનુભવી હતી. કાર્યક્રમનું સંચાલન શ્રી મનોજભાઇ ડેલીવાળા, શ્રી હેમલભાઇ મહેતા અને શ્રી ડોલરભાઇ કોઠારીએ કરેલ.

ભગવાન મહાવીર જન્મોત્સવ ખરા અર્થમાં ભગવાન પ્રત્યેની શ્રધ્ધા-નિષ્ઠાથી ઉજવાયો એવું એક એક વ્યકિતના મુખ પર ચર્ચાતુ હતું. આ અવસરે સમગ્ર મહોત્સવની ઉજવણીમાં જૈન સંઘો શ્રી રોયલપાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ, શેઠ ઉપાશ્રય જૈન સંઘ, શ્રી નાલંદા સ્થાનકવાસી જૈન સંઘ, શ્રી મહાવીર નગર સ્થાનકવાસી જૈન સંઘ, શ્રી ગોંડલ રોડ વેસ્ટ સ્થાનકવાસી જૈન સંઘ, શ્રી સદર (વિમલ) સ્થાનકવાસી જૈન સંઘ, શ્રી સરદારનગર સ્થાનકવાસી જૈન સંઘ, શ્રી સંઘાણી સ્થાનકવાસી જૈન સંઘ, શ્રી મનહર પ્લોટ સ્થાનકવાસી જૈન સંઘ,શ્રી પારસ ગીત ગુર્જરી સ્થાનકવાસી જૈન સંઘ, શ્રી નેમનાથ વિતરાગ સ્થાનકવાસી જૈન સંઘ, શ્રી રોસકોર્ષપાર્ક સ્થાનકવાસી જૈન સંઘ, શ્રી ઉવસગ્ગહરં સાધના ભવન જૈન સંઘ, શ્રી બજરંગવાડી સ્થાનકવાસી જૈન સંઘ, શ્રી અજરામર જૈન સંઘ, શ્રી નવકાર મંડળ, શ્રી ચંદ્રપ્રભુ સ્થાનકવાસી જૈન સંઘ, પૂ.ચૈતન્ય દેવી મ.સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, શ્રી તપસમ્રાટ રતિગુરુ આરાધના ભવન, શ્રી સ્થાનકવાસી જૈન આરાધના ભવન, શ્રી સાધના-આરાધના ટ્રસ્ટ જૈન ઉપાશ્રય, શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ–પ્રહલાદ પ્લોટ જૈન દેરાસર, માંડવી ચોક જૈન દેરાસર, પંચવટી જૈન દેરાસર, એરપોર્ટ જૈન દેરાસર, યુનિવર્સિટી જૈન દેરાસર, કાલાવાડ જૈન દેરાસર,શ્રમજીવી (કાચનું દેરાસર), જાગનાથ દેરાસર, બાવન જીનાલય-કાલાવાડ રોડ, શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થ ઘંટેશ્વર, આનંદનગર જૈન દેરાસર,શ્રી વિમલનાથ જૈન દેરાસર, પટણી દેરાસર, મણીયાર દેરાસર, દિગંબર સ્વાધ્યાય મંદિર, શ્રીમદ્ રાજચંદ્ર સ્વાધ્યાય મંદિર, ઘંટાકર્ણ મંદિર, જીવદયા પ્રેમી સંસ્થાઓ રાજકોટ મહાજન પાંજરાપોળ, શ્રીજી ગોશાળા, માં ગૌરી ગોશાળા, એનીમલ હેલ્પ લાઇન, શ્રી ગૌસેવા જીવદયા અભિયાન સમિતિ, થેલેસેમીયા જૈન જાગૃતિ અભિયાન સમિતિ, ગોવર્ધન ગૌશાળા, મોટા વડીલા પાંજરાપોળ, વિવેકાનંદ યુથ ક્લબ, જયમાતાજી





અબોલ જીવ સેવા મંડળ,બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ, વિશ્વ હિંદુ પરિષદ, રૈલ-રાજ અબોલ જીવદયા મંડળ, દીપચંદ ગાર્ડી-દીકરાનું ઘર-ઢોલરા, સત્યમ ફાઉડેશન, પુરુષાર્થ યુવક મંડળ, કુમકુમ ગ્રુપ,રાજકોટ વોલેન્ટરી બલ્ડ બેન્ક લિમિટેડ, ક્રાંતિ માનવ સેવા મંડળ કેન્દ્ર, અર્હમ યુવા ગ્રુપ, સહજાનંદ ગૌશાળા, અબોલ સૌરાષ્ટ્ર રઘુવીર સેન્ટર, કામધેનું સેવા કેન્દ્ર, જલારામ સેવા મંડળ કેન્દ્ર, નેશ્નાલીટી ડેવલપમેન્ટ ફાઉન્ડેશન, માધવ સોશ્યલ ગ્રુપ, રોટરી કલબ ઓફ રાજકોટ ગ્રેટર, રોટરી કલબ ઓફ રાજકોટ મીડટાઉન, રોટરી ક્લબ ઓફ કોમર્સ, રાજકોટ એન્જી. એસોસીએશન, આજી લાયન્સ ક્લબ, લાયન્સ ડિસ્ટ્રીક, લાયન્સ પ્રાઇડ, બજરંગ મિત્ર મંડળ, ચેમ્બર ઓફ કોમર્સ, રાજકોટ એન્જી. એસોસીએશન, આજી લાયન્સ, શાપર-વેરાવળ ઇન્ડસ્ટીયલ એસોસીએશીન, સરગમ કબલ પરિવાર, ગ્રેટર ચેમ્બર ઓફ કોમર્સ, મેટોડા જી.ડી.આઇ.સી. એસોસીએશન આજી જી.ડી.આઇ.સી. એસોસીએશન, સૌરાષ્ટ્ર કચ્છ સ્ટોક એકસચેન્જ, શ્રી પાર્શ્વનાથ ગુરુકપા ટ્રસ્ટ, આનંદનગર સ્થા. જૈન મિત્ર મંડળ, જૈન સોશ્યલ ગ્રુપ રાજકોટ મેઇન, જૈન સોશ્યલ ગ્રુપ મીડ ટાઉન, જૈન સોશ્યલ ગ્રુપ વેસ્ટ, જૈન સોશ્યલ ગ્રુપ ડાઉનટાઉન, જૈન સોશ્યલ ગ્રુપ રોયલ, જૈન સોશ્યલ ગ્રુપ રેસકોર્સ, જૈન સોશ્યલ ગ્રુપ સૌરાષ્ટ્ર રીજયન, જૈન સોશ્યલ ગ્રુપ ઇન્ટરનેશનલ ફેડરેશન, જૈન સોશ્યલ ગ્રુપ સેન્ટ્રલ, જૈન સોશ્યલ ગ્રુપ સિટી, જૈન સોશ્યલ ગ્રુપ સિલ્વર, જૈન જાગૃતિ સીમંધર ગ્રુપ, દિગંબર સોશ્યલ ગ્રુપ, જૈન જાગૃતિ સેન્ટર, અસ્મીતા ફાઉન્ડેશન, અભિનવ સોશ્યલ ગ્રુપ, સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર આદિ ઉપસ્થિત રહેલ.



**—— : ભગવાન મહાવીર જન્મોત્સવની અનોખી ઉજવણી : ——**

संसार जलतारिणी
एगंत होई जीवदया

# રાષ્ટ્ર સંત બની પ્રથમ વાર ગોંડલ-ગાદીના ગામ પધારતાં ગુરુવરનું ભવ્ય સ્વાગત

સવા બસ્સો વર્ષ પહેલાં આચાર્ય ગુરુદેવ પૂજ્ય શ્રી ડુંગરસિંહજી મ.સા. એ જ્યાં પોતાના સંપ્રદાયનું કેન્દ્ર બિન્દુ સ્થાપીને ગાદીના ગામ તરીકે સ્થાન આપેલ તેવા ગોંડલ શહેરમાં નવાગઢ ઉપાશ્રયમાં રાષ્ટ્ર સંત બની પ્રથમવાર પધારેલાં પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. નું ભવ્ય સ્વાગત ગોંડલ નાગરિક બેંકથી બાળકો, યુવાનો અને સંઘ શ્રેષ્ઠીઓએ ભાવ પૂર્વક કરેલ.

સ્વાગત યાત્રા નવાગઢ ઉપાશ્રય પહોંચતા લુક એન લર્નના બાળકોએ સ્વાગત નૃત્ય કર્યા બાદ રાજુલ મંડળ, જ્ઞાન જ્યોત મંડળા, ભોજપરા જૈન શાળા, પ્રાણ કન્યા મંડળ આદિએ સ્વાગત કરેલ. નવાગઢ ઉપાશ્રય-સંઘાણી સંઘના પ્રમુખ શ્રી મુકુંદભાઈ શેઠ અને નવાગઢ સંઘના પ્રમુખ શ્રી પ્રવીણભાઈ કોઠારીએ ભાવપૂર્વક સ્વાગત કર્યું હતું. શ્રી પ્રવીણભાઈ કોઠારીએ અશ્રુભીની આંખે આવકારતાં કહેલ કે ગોંડલ સંપ્રદાય આજે આપના જેવા 'રાષ્ટ્ર સંત ' પામીને ધન્ય બન્યો છે.

આ પ્રસંગે ગોંડલ નવાગઢ સંઘના શ્રી પ્રવીણભાઈ કોઠારી, શ્રી રસિકભાઈ દોશી, શ્રી બી. ઓ. દોશી, સંઘાણી સંઘના શ્રી મુકુંદભાઈ શેઠ આદિએ શાલ ઓઢાડીને ''રાષ્ટ્ર સંત'' નું સન્માન કરેલ.

આ અવસરે વસઈ માણેકપુર સંઘના પ્રમુખ શ્રી ભૂપેન્દ્રભાઈ ગાંધીએ વસઈ દીક્ષા મહોત્સવમાં પધારવા વિનંતિ કરેલ.


અહોભાવના અશ્રુ શ્રી પ્રવીણભાઇ કોઠારી


શાલ ઓઢાડી સન્માન કરતાં સંઘ પ્રમુખો


ભાવોની અભિવ્યક્તિ શ્રી ભૂપેન્દ્રભાઈ ગાંધી-વસઈ


રાષ્ટ્ર સંતનું સ્વાગત


ગોંડલ અર્હમ યુવા ગ્રુપની ખુશી




# જિન શાસનના ભવિષ્યને ઉજ્જવળ બનાવતા...
## આજના બાળકો... ભાવિના ઉપાસકોનું સન્માન

ગોંડલ ગચ્છ દિવાકર પૂ. ગુરુદેવ શ્રી ગીરીશમુનિ મ.સા. ના આશીર્વાદ સાથે રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. ના પાવન સાંનિધ્યમાં રાજકોટના જલારામ-૨ ના વિશાળ તપસમ્રાટ સ્મૃતિ પટાંગણમાં જ્ઞાન સન્માન અને જ્ઞાન આરાધના સાથે અનોખો જ્ઞાનોત્સવ ઉજવાયો. ઝારખંડરત્ન શ્રી સુશાંતમુનિ મ.સા., સાધ્વીરત્ના શ્રી ભદ્રાબાઈ મ., શ્રી સુમતિબાઈ મ., શ્રી મિનળબાઈ મ. આદિ એ ઉપસ્થિ રહી જ્ઞાન અનુમોદનાનો લાભ લીધો હતો.

રાષ્ટ્ર સંત પૂ. શ્રી નમ્રમુનિ મ.સા. પ્રેરિત રાજકોટની પાંચ લુક એન લર્ન જૈન જ્ઞાનધામના સેંકડો બાળકો, દીદીઓ, સર સાથે સમસ્ત રાજકોટના જૈન-અજૈન બાળકો, યુવાનો, વડીલો તથા કોલકત્તાથી સેવાભાવના સાથે પધારેલાં શ્રી જશવીરભાઈ શેઠ, શ્રી ગીરીશભાઈ, શ્રી રોમીભાઈ, શ્રી જીતુભાઈ તથા રાજકોટના અગ્રણી મહાનુભાવો શ્રી નટુભાઈ શેઠ, શ્રી પ્રવીણભાઈ કોઠારી, શ્રી પ્રતાપભાઈ વોરા, શ્રી દામાણીભાઈ, શ્રી હરેશભાઈ વોરા, શ્રી ડોલરભાઈ કોઠારી, શ્રી મનોજભાઈ ડેલીવાળા, શ્રી ભાવેશભાઈ કોઠારી, શ્રી ભાવેશભાઈ ઘેલાણી, શ્રી રસિકભાઈ, શ્રી સુશીલભાઈ ગોડા, શ્રી કમલેશભાઈ તથા






પ્રતિક્રમણ કંઠસ્થ


સામાયિક કંઠસ્થ



મુંબઈના શ્રી પરાગભાઈ શાહ એ પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખેથી જ્ઞાનની આરાધના કરી ધન્યતા અનુભવી હતી.

મંત્રો દ્વારા મેમરી પાર્ટસ્‌ને રીચાર્જ કરાવતી જ્ઞાન આરાધના સાથે પૂજ્ય ગુરુદેવ શ્રી એ જ્ઞાન, જ્ઞાની, જ્ઞાનાવરણીય કર્મો અને એ બધાંનું યાદશક્તિ અને જ્ઞાનવિકાસ સાથેનું મહત્ત્વ સમજાવ્યું હતું.

આ અવસરે... નાનપણથી જ જૈનત્ત્વ અને માનવીય મૂલ્યોના સંસ્કારો સાથે જ્ઞાનવૃધ્ધિ કરતાં લુક એન લર્નના બાળકો જેમની ૧૦૦% હાજરી હતી, જેમણે સામાયિક અને પ્રતિક્રમણ કંઠસ્થ કર્યાં હતાં તે સર્વનું એવોર્ડ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું તથા આજના સ્પર્ધાત્મક યુગમાં શાળાના અભ્યાસ સાથે વિવિધ એકટીવીટીસ્‌માંથી પણ સમય કાઢી પોતાના બાળકોને જૈન ધર્મના સંસ્કાર અપાવવા લુક એન લર્ન જૈન જ્ઞાનધામમાં આવવા પ્રેરણા કરે છે તે સર્વ માતા-પિતાનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

**નાનકડા બીજને જ્યારે સીંચન મળે છે, ત્યારે તે વિશાળ વટવૃક્ષ બને છે. નાનકડા બાળકમાં જ્યારે સુસંસ્કારેનું સિંચન કરવામાં આવે છે ત્યારે એ આદર્શ શ્રાવક અને ઉપાસક રૂપ વટવૃક્ષ બને છે. આજે દેશ-વિદેશની ૯૦ થી વધારે લુક એન લર્નમાં ૧૪૦૦ થી વધુ દીદીઓ અને સર ૨૦,૦૦૦ થી વધુ બાળકોમાં જ્ઞાનના સંસ્કારનું સિંચન કરે છે અને ગુરુકૃપા અને આશીર્વાદથી પલ પલ પ્રગતિ કરે છે.**

સેવાના સત્‌કાર્યમાં... જિન શાસનના ઉજ્જવળ ભવિષ્ય માટે જ્યારે અનેક લોકો સ્વેચ્છાએ જોડાય છે ત્યારે જ મિશન સફળ થાય છે. તપસ્વી સ્કૂલ માટે જગ્યાનું અનુદાન આપનાર શ્રી અમિષભાઈ દેસાઈની ભાવનાનું પૂજ્ય ગુરુદેવશ્રીએ શાસનની સેવાના આશીર્વાદ સાથે અભિમંત્રિત શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર યંત્ર દ્વારા સન્માન કર્યું હતું અને ઉપસ્થિત સર્વ પેરેન્ટસ્‌ને લુક એન લર્નના વિકાસ માટે સપોર્ટર બનવાની પ્રેરણા કરી હતી.

લુક એન લર્ન જૈન જ્ઞાનધામ-માસુમ, મુરલીધર, તપસ્વી, ગોંડલરોડ અને નેમીનાથ સોસાયટીના બાળકો, દીદીઓ અને સરનો ઉત્સાહ અનેરો હતો. એમના દ્વારા પ્રસ્તુત થયેલ સ્વાગત નૃત્ય, નાટિકા, આદિ સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસંશનીય હતાં.

કાર્યક્રમનું સંચાલન પૂર્વીદીદી અને પારૂલદીદીએ કર્યું હતું.





શ્રી અમિષભાઇ દેસાઇનું સન્માન




# દ્વાર અમારે પધારો
# અંતર દ્વાર પધારો...

શ્રી ઉવસગ્ગહર ભક્તિ ગ્રુપ
(ઘાટકોપર )

# એક વિશ્વાસ

## જો હું સારો છું... મારા ભાવ સારા છે...
## તો કોઈ વ્યક્તિ મારૂં ખરાબ કરી જ ન શકે.

- ગુરુભક્ત



બુદ્ધિથી 'જગત'ને પોતાના બનાવાય.
હૃદયથી 'પરમ'ને પોતાના બનાવાય.

-શ્રી શૈલેશભાઈ

**JENAM**
ENTERPRISES PVT. LTD.

Rajendra G. Sheth (Managing Director) Mob : 91 93201 41945

**IRON AND STEEL TRADERS & IMPORTERS**

Email : jenamenterprisespvtltd@gmail.com

Sale Office : 50/A Baroda Street, camac Bunder, Mumabi : 400 009.
Phone : 022 - 3029 7002 / 3029 7056 Fax : 022 -3029 7038

# શાસન ન્યુઝ

## રાજકોટમાં ચાલતી સ્વધર્મીબંધુ રાહત યોજના 'સાધર્મિક ભક્તિ'

લગભગ દોઢ દાયકા પૂર્વે મુંબઈના શ્રેષ્ઠીવર્ય, ઉદારદીલા **શ્રી વૃજલાલ એન. કુંભાણીને** મનમાં એક સદ્‌વિચાર સ્ફુર્યો કે રાજકોટમાં ખરેખર જરૂરીયાતમંદ સાધર્મિકોને દર મહિને જીવન ઉપયોગી ચીજ-વસ્તુઓ મળે તો સાધારણ સ્થિતિવાળા પરિવારોને થોડી ઘણી રાહત થાય તે માટે કંઈક આયોજન કરવું જોઈએ. આ પ્રસ્તાવ તેઓએ સાધર્મિકોના સહાયક **સુશ્રાવક શ્રી રસિકભાઈ પારેખ** પાસે મૂક્યો. શ્રી રસિકભાઈએ તુરંત જ કહ્યું કે દાતાઓનો નિયમિત સાથ-સહકાર મળે તો હું મારા નિવાસસ્થાને જ સાધર્મિકોની સેવા કરવા તન-મન-ધનથી તત્પર છું. આ સાથે ઉપલેટાના આગમપ્રેમીશ્રી રજનીકાન્ત મોદી, મોદી ટ્રસ્ટના શ્રી રશ્મિભાઈ મોદી વિગેરે અનેક દાતાઓએ આ વિચારને વધાવી સાથ-સહકારની ભાવના વ્યક્ત કરી.

કાળઝાળ અસહ્ય મોંઘવારીમાં દરેક વસ્તુઓના બેફામ ભાવ વધી રહ્યા છે. ત્યારે આવું ભગીરથ કાર્ય કોઈ એકલ-દોકલ વ્યક્તિથી ચલાવવું ઘણું કઠીન હોય છે. આપ આપના સારા-માઠા પ્રસંગોમાં સાધર્મિકોની વહારે આવી સાધર્મિક સેવાયજ્ઞમાં સહાયક બની મળેલ સંપતિના સદ્‌ઉપયોગ કરી પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરશો એવી અભ્યર્થના...

શ્રી રસિકભાઇ દ્વારા રાજકોટમાં રહેતા હોય અને ખરેખર જરૂરીયાતમંદ હોય તેવા સ્થાનકવાસી પરિવારોનો સર્વે કરાવી લગભગ ૨૫૦ પરિવારો નિયમિત હર મહિને વિનામુલ્યે જીવનઉપયોગી ચીજવસ્તુઓ જેવી કે ચા- ખાંડ-તેલ-ચોખા-કઠોળ-ટુથપેસ્ટ વિગેર તથા પર્વ-તહેવારોમાં મીઠાઇ મિષ્ટાન્નનું વિતરણ કરવામાં આવે છે. આવી સેવા કરનાર અને સહાય કરનાર પ્રભુને પણ પ્રિય હોય છે. ભૂખનું દુ:ખ ભલભલાને રડાવી દે છે. ભૂખ -ગરીબી એક એવી બાદશાહી ઠાઠથી રહેતાં હોય અને હાથ પણ લંબાવતો કરી દે છે. ભૂખ લાગે ત્યારે માણસ શું ન કરે ? રસિકભાઇ આવા નિ:સહાય લોકોના આત્મ સન્માનને ઠેંસ ન પહોંચે તેની સતત કાળજી રાખે છે. ધર્મ આપણને આપણી ફરજોનું ભાન કરાવે છે. એવા પણ શ્રાવકો હતાં અને હજુ પણ છે. (બહુરત્ના-વસુંધરા) કે અમારા આંગણે કંઇક માંગવા આવે જો ઠાલા હાથે પાછા જાય તો અમારૂં જીવતર લજવાય. આને કહેવાય અપરિમિત ઉદારતા.

**પ્રભુ મહાવીરે ઉતરા. સૂત્ર 'મોક્ષ માર્ગ' નામના ૨૮ માં અધ્યયન તથા ૩૦ માં અધ્યયનમાં ફરમાવેલ છે કે સાધર્મિકો પ્રત્યે નિ:સ્વાર્થ અનુરાગ કે વાત્સલ્યભાવ રાખીને તેઓ સેવા-મદદ કરવાથી અન્ય લોકોને ધર્મ પ્રત્યે અનુરાગની વૃદ્ધિ થાય છે.**

### તા.૨૪/૪/૨૦૧૩ સુધીમાં આવેલી રકમ

૧) ૫૦૦/- શ્રી નયનાબેન ઉચાટ-જામનગર
૨) ૨૫૦/- એક સુશ્રાવક તરફથી રાજકોટ
૩) ૫૦૦/- શ્રી દલસુખભાઇ જે ઉદાણી- ઇન્દોર
૪) ૫૦૦/- શ્રીમતિ ધનલક્ષ્મીબેન ઉદાણી- ઇન્દોર
૫) ૧૫૦/- શ્રીમતિ ઇન્દુબેન જયંતિભાઇ મહેતા-રાજકોટ
૬) ૩૫૧/- શ્રી ભાવેશકુમાર રસિકભાઇ મહેતા-રાજકોટ
૭) ૨૦૦૦/- શ્રી શાંતિલાલ.જે. પુનાતર- જામનગર
૮) સ્વ. પ્રભાબેન ઉચાટ પરિવાર-જામનગર હસ્તે શ્રી જગદીશભાઇ
૯) ૫૦૦/- સ્વ. પુષ્પાબેન શાંતિલાલના સ્મરણાર્થે. હસ્તે ભાવનાબેન -રાજકોટ
૧૦) ૨,૫૦૦/- સ્વ. શ્રી મુક્તાબેન કુંભાણીના સ્મરણાર્થે હસ્તે શ્રી સરોજબેન-બોરીવલી
૧૧) ૨,૫૦૦/- શ્રી વી. એન કુંભાણી (જેતપુરવાળા) હસ્તે ચંદ્રકાન્તભાઈ કુંભાણી-બોરીવલી
૧૨) ૨,૫૦૦/- સ્વ. શ્રી રંજનબેન મોદીના સ્મરણાર્થે હસ્તે શ્રી રજનીભાઈ મોદી
૧૩) ૨,૫૦૦/- સ્વ. શ્રી નિર્મળાબેન માવાણીના સ્મરણાર્થે હસ્તે શ્રી રજનીભાઈ મોદી
૧૪) ૧૧,૦૦૦/- શ્રી ઇલાબેન જી. વોરા-વિલેપાલે તરફથી અ.સૌ. ઉષ્માબેન તથા ચી. સિધ્ધાર્થના શુભ લગ્ન પ્રસંગે
૧૫) ૧૧,૦૦૦ સ્વ. વિજ્યાબેન ચંપકલાલ ખંડેરીયાની પુણ્યતિથી નિમિત્તે હસ્તે શ્રી ભાવેશકુમાર રસિકભાઇ મહેતા-રાજકોટ
૧૬) ૧૦૦/- ચંદુલાલ.વી. કાપડી- ખરિચાર રોડ (ઓરિસ્સા) તરફથી સમજુબેન વી. કાપડીની ૧૦મી પુણ્યતિથી નિમિત્તે
૧૭) ૩૦૦૦/- અ. સૌ. કંચનબેન ચંદ્રકાંતભાઇ તેજાણી- ધોરાજીવાળા હસ્ત ચંદ્રકાંતભાઇ તેજાણી
૧૮) ૫૦૦/- શ્રીમતિ ઉમાબેન જગદીશચંદ્ર પીપમીયા-રાજકોટ

# INNER VOICE

સંસારમાં જેટલાં પણ અવાજ સંભળાય છે એ બહારના અવાજ હોય છે.
લાખોમાં એક વ્યકિતનો અવાજ એવો હોય છે. જેમનો અવાજ સાંભળીને તમને તમારો
અવાજ સાંભળવાની પ્રેરણા પ્રાપ્ત થાય છે, તમને તમારી સાથે વાત કરવાનું મન થાય છે,
એ અવાજ હોય છે તમારી આદર્શ વ્યકિતનો... પ્રેરણાદાતા સદ્દગુરુનો.!!

**બહારના અવાજથી જીવન બદલાય છે,**
**અંદરના અવાજથી જીવ બદલાય છે.**

શિષ્ય અને સાધક કેવા હોવા જોઇએ?
બરફ જેવા કે પાણી જેવા?
બરફને સમાવવા માટે બરફ જેવું પાત્ર જોઇએ,
જ્યારે પાણી ગમે તે આકારના પાત્રમાં સમાઇ જાય.
શિષ્ય અને સાધક પાણી જેવા હોવા જોઇએ.
એમને જ્યારે, જ્યાં, જે સંજોગોમાં, જે સ્થિતિમાં
મૂકવામાં આવે તેમાં સમાઇ જાય.
જે પરમાત્મા કે ગુરુના શરણમાં સમાઇ જાય છે.
તે જ અસ્તિત્વને શૂન્ય કરી પૂર્ણ બની શકે છે.

મહાનગર અમદાવાદના પાવન પ્રાંગણે રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવ
શ્રી નમ્રમુનિ મ.સા. પ્રેરિત સેવા, સાધના અને સંસ્કારનું પવિત્ર સંકુલ



# PAVITRADHAM

## ભવ્ય ઉદ્‌ઘાટન સમારોહ

**: પાવન સાંનિધ્ય :**

**રાષ્ટ્ર સંત યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.**

તા. 11/05/2013 - શનિવાર, સમય : સાંજે 6:00 કલાકે

**સ્થળ : પ્રેરણાતીર્થ દેરાસર પાસે, સેટેલાઇટ, અમદાવાદ**

અલ્પ સમયમાં જ આત્મિય બનેલા રાષ્ટ્ર સંત પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે અમદાવાદના ભાવિકોએ અનન્ય ગુરુભક્તિ અર્પણ કરી છે. ૭/૪/૧૩ ના પ્રેરણાતીર્થ દેરાસરના ટ્રસ્ટી શ્રી વિજયભાઈ શાહ એ ''પવિત્રધામ'' ના નિર્માણ હેતુ ભૂમિદાન અર્પણ કર્યુ અને મુંબઈના ગુરુભક્તો શ્રી પરાગભાઈ શાહ, શ્રી વિરેન્દ્રભાઈ શાહ તથા ચેન્નઈના ગુરુભક્ત શ્રી હિતેનભાઈ કામદારે નિર્માણ કાર્ય માટે અનેરૂં યોગદાન આપતા માત્ર એક જ મહિનામાં ''પવિત્રધામ''નું સર્જન થયું.

પ્રેરણાદાતા પૂજ્ય ગુરુદેવના પાવન સાંનિધ્યમાં જ ઉદ્‌ઘાટન સમારોહની ઉત્કૃષ્ટ ભાવના સાથે અમદાવાદના યુવા વર્ગે રાત-દિવસ અથાગ પરિશ્રમ કરી પૂ. ગુરુદેવની ભાવનાને સાકાર કરી અનન્ય ગુરુભક્તિ અર્પણ કરી છે.

**: આમંત્રક :**

પવિત્રધામ જૈન સંઘ-સેટેલાઈટ
પ્રેરણાતીર્થ દેરાસર પાસે - સેટેલાઈટ - અમદાવાદ.

# રાજકોટના આંગણે જ્ઞાનોત્સવ





## જૈન સમાજનું ઉજ્જવળ ભવિષ્ય- વર્તમાનના નાના નાના બાળકો ભવિષ્યને ઉજ્જવળ બનાવવા... સ્નેહથી સંસ્કારનું સિંચન કરતી દીદીઓ

લુક એન લર્ન જૈન જ્ઞાનધામ-રાજકોટ
માસુમ-મુરલીધર-તપસ્વી-ગોંડલ રોડ-નેમિનાથ સોસાયટી

Registred with Registrar of Newspapers under RNI NO. MAHGUJ/2008/37878
Postal Registration No. MH/MR/N/94/MBI/11-13 Published on 5th of every month
JAIN KRANTI - Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-1. Posting date 5/6-05-2013